ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 15, Issue : 251, Dt.9-1-2025 thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# લોસ એન્જલસની ભીષણ આગથી હોલીવુડ હિલ્સમાં હાહાકાર

## અનેક સેલિબ્રિટીના મકાન બળીને ખાખ, જંગલની આગે રોદ્ર સ્વરૂપ ધારણ કરતા ઈમરજન્સી જાહેર કરાઈ







**મુખ્ય સમાચાર - પાસાડેના (અમેરિકા)**

અમેરિકાના લોસ એન્જલસના જંગલોમાં ભીષણ આગ ફાટી નીકળી છે જે હવે શહેર તરફ ઝડપથી ફેલાઈ રહી છે. આ ભીષણ આગને કારણે અત્યાર સુધીમાં ૫ લોકોના મોત થયા છે. ૭૦ હજારથી વધુ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ આગથી અત્યાર સુધીમાં એક હજારથી વધુ ઈમારતો પ્રભાવિત થઈ છે. લોસ એન્જલસમાંથી આ અકસ્માતની ભયાનક તસવીરો સામે આવી રહી છે. તસવીરોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આગના કારણે ઈમારતો બળીને રાખ થઈ ગઈ છે. સમાચાર એજન્સીના જણાવ્યા અનુસાર, ભારે પવનને કારણે લોકોને આગ ઓલવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. પવનના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે આગની ઘટના પહેલીવાર મંગળવારે (૭ જાન્યુઆરી) ના રોજ સામે આવી હતી, જે ત્યારથી ઝડપથી ફેલાઈ રહી છે. આગને કારણે સૌથી વધુ નુકસાન પેસિફિક પેલિસેડ્સ વિસ્તારમાં થયું છે. અહીં આગથી ૫ હજાર એકરથી વધુ જમીનને લપેટમાં આવી ગઈ છે. આ વિસ્તાર લોસ એન્જલસની પૂર્વમાં, સાન્ટા મોનિકા અને માલિબુના બીચ શહેરો વચ્ચે સ્થિત છે. અહીં ફિલ્મ, ટેલિવિઝન અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા ઘણા સ્ટાર્સનું ઘર છે. લોસ એન્જલસ કાઉન્ટીના ફાયર ચીફ એન્થોની મેરોનના જણાવ્યા અનુસાર આગના કારણે અત્યાર સુધીમાં એક હજારથી વધુ ઈમારતો નાશ પામી છે. પાસાડેના નજીક લોસ એન્જલસના અન્ય વિસ્તાર અલ્ટાડેનામાં આગ ૨ હજાર એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. અહીં બે લોકોના મોત થયા છે. લોસ એન્જલસના ઉત્તર-પશ્ચિમમાં સેન ફર્નાન્ડો વેલીમાં સિલ્મરમાં આગ ૫૦૦ એકરથી વધુ વિસ્તારમાં ફેલાઈ ગઈ છે. આ તમામ વિસ્તારોમાં આગ પર કાબૂ મેળવવો ઘણો મુશ્કેલ બની રહ્યો છે. ફાયર ચીફ એન્થોની મેરોને જણાવ્યું કે ઘણા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આગને કારણે આ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા છે, જેના કારણે લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આગની ઘટના પર વ્હાઈટ હાઉસ દ્વારા એક નિવેદન પણ બહાર પાડવામાં આવ્યું છે. વર્તમાન પ્રમુખ જો બિડેન આગનો સામનો કરવા માટે કેલિફોર્નિયાના ગવર્નર ન્યૂઝમ, લોસ એન્જલસના મેયર બાસ અને અનેક ટીમોના સંપર્કમાં છે. જણાવવામાં આવી રહ્યું છે કે આગ બુઝાવવા માટે યુએસ ફોરેસ્ટ સર્વિસના ૫ મોટા એર ટેન્કરનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે અને ટેન્કરો મોકલવામાં આવ્યા છે, જે રસ્તા પર છે. આ સાથે ૧૦ ફાયર ફાઈટિંગ હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી રહી છે. થોડા દિવસોમાં અમેરિકાની કમાન સંભાળવા જઈ રહેલા ડોનાલ્ડ ટ્રમ્પે આ અકસ્માતને લઈને અમેરિકન સરકાર પર નિશાન સાધ્યું છે. ટ્રમ્પે કહ્યું છે કે લોસ એન્જલસમાં લાગેલી આગને ડોલરના સંદર્ભમાં અમેરિકન ઈતિહાસની સૌથી ભયાનક આગ ગણી શકાય. ટ્રમ્પે કહ્યું, 'મને શંકા છે કે શું વીમા કંપનીઓ પાસે આ દુર્ઘટના માટે ચૂકવણી કરવા માટે પૂરતા પૈસા હશે!' તેને બિડેનની સંપૂર્ણ અસમર્થતા અને ગેરવહીવટનું પ્રતીક બનવાની મંજૂરી આપવામાં આવી રહી છે. હોલીવુડ હિલ્સમાં પણ આગ ફાટી નીકળી છે, જેના કારણે હોલીવુડ બુલવર્ડ ઉપરના તમામ વિસ્તારોમાંથી લોકોને ખાલી કરાવવામાં આવ્યા છે. ૧૬,૦૦૦ એકરના પેલિસેડ્સ ફાયર અને ૬૦૦ એકરના ઈટન ફાયર સામે લડવા માટે અગ્નિશામકો હાલમાં ઓછા છે. ''પશ્ચિમમાં લોરેલ કેન્યોન બુલવાર્ડથી ઉત્તરમાં મુલહોલેન્ડ ડ્રાઈવ સુધી, પૂર્વમાં ૧૦૧ ફ્રીવેથી દક્ષિણમાં હોલીવુડ બુલવાર્ડ સુધી લોકોને ફરજિયાત સ્થળાંતરનો આદેશ અમલમાં છે,'' તેમ **LAFD** એ જણાવ્યું હતું. હવે આગ હોલીવુડ બુલવર્ડથી માત્ર ૧.૫ માઈલ દૂર હોવાનું કહેવાય છે.

# ૪૭ વર્ષ પહેલાના રમખાણોની તપાસ કરશે સંભલ પ્રશાસન

## ૧૯૭૮ માં સંભલમાં સાંપ્રદાયિક હિંસાની તપાસ કરવા યોગી સરકારનો આદેશ

**મુખ્ય સમાચાર - સંભલ**



સંભલઃ ઉત્તર પ્રદેશનો સંભલ જિલ્લો છેલ્લાં એક મહિનાથી સતત સમાચારોમાં છે. યુપી સરકારે ૧૯૭૮ ના સંભલ રમખાણોની બંધ થયેલી ફાઈલને ફરીથી ખોલવાનો અને તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સંભલ પ્રશાસન અને પોલીસ ૪૭ વર્ષ પહેલાં થયેલાં આ રમખાણની તપાસ કરશે અને એક અઠવાડિયામાં પોતાનો રિપોર્ટ યોગી સરકારને સોંપશે. આ રમખાણોમાં સત્તાવાર મૃત્યુઆંક ૨૪ હતો. જો કે, સ્થાનિક રહેવાસીઓએ દાવો કર્યો હતો કે રમખાણોમાં સત્તાવાર આંકડા કરતાં ઘણાં વધુ લોકો માર્યા ગયાં હતાં. સીએમ યોગી આદિત્યનાથે થોડાં સમય પહેલાં ૧૯૭૮ના સંભલ રમખાણોને લઈને નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે આ રમખાણોમાં ૧૮૪ લોકો માર્યા ગયાં હતાં અને ઘણાં પરિવારોએ ભાગવું પડ્યું હતું. પોલીસ અને પ્રશાસન હવે રમખાણોમાં મૃત્યુના સાચાં આંકડા શોધી કાઢશે. કહેવામાં આવી રહ્યું છે કે, તપાસમાં રમખાણો બાદ બેઘર થયેલાં લોકોનાં વાસ્તવિક આંકડાઓ જાણવાનો પણ પ્રયાસ કરવામાં આવશે. સંભલના એસપી કેકે બિશ્નોઈએ ડીએમ ડૉ. રાજેન્દ્ર પાંસિયાને પત્ર લખ્યો હતો કે, યુપી વિધાન પરિષદના સભ્ય શ્રીચંદ શર્માએ ૧૯૭૮ના રમખાણોની તપાસની માંગ કરી છે. આના પર તેમને યુપીનાં નાયબ સચિવ ગૃહ અને પોલીસ અધિક્ષક માનવ અધિકારનો પત્ર પણ મળ્યો છે. એસપીએ ડીએમ પાસે સંયુક્ત વહીવટી તપાસ માટે ડીએમ વહીવટીતંત્રમાંથી એક અધિકારીને નામાંકિત કરવાની માંગ કરી છે. યોગી આદિત્યનાથે યુપી વિધાનસભામાં સંભલ રમખાણોને લઈને નિવેદન આપ્યું હતું. જે બાદ આ મામલે ચર્ચાએ જોર પકડ્યું હતું. ૧૯૭૮ માં સંભલમાં ઘણાં દિવસો સુધી રમખાણો ચાલુ રહ્યાં હતાં. સમગ્ર વિસ્તારમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો હતો. આ અંગે લગભગ ૧૬૯ કેસ નોંધાયાં હતાં. મુરાદાબાદના કમિશ્નરે સંભલના ડીએમ પાસેથી કેસ સંબંધિત તમામ દસ્તાવેજો મંગાવી દીધાં છે. વહીવટીતંત્ર રમખાણો પછી બેઘર

બોંડગાંવ, કાલવડ અને હિંગણા ગામના લોકોએ માથાના વાળ ગુમાવ્યા, ટકાની 'ટકાવારી' વધતા આરોગ્ય વિભાગને જાણ કરાઈ

# મહારાષ્ટ્રના ગામડાઓમાં વિચિત્ર બીમારીની દસ્તક

**મુખ્ય સમાચાર - મહારાષ્ટ્ર**



બુલઢાણા જિલ્લાના બોંડગાંવ, કાલવડ અને હિંગણા ગામના લોકોના માથાના વાળ ઉતરવા માંડયા છે . આ વિચિત્ર બીમારી અંગે ફરિયાદો થતાં તથા આસપાસના ગામોમાં હાહાકાર મચી જતાં આરોગ્ય ખાતાંની ત્રણ ટીમ ગામોમાં પહોંચી હતી અને પાણીના સેમ્પલ તેમ જ ગ્રામજનોના ઉતરેલા વાળ અને ચામડીના સેમ્પલ ભેગા કર્યા હતા અને લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા છે. પ્રાથમિક માન્યતા અનુસાર રાસાયણિક ખાતરને કારણે ગામનું પાણી પ્રદૂષિત થઈ ગયું છે. પાણીમાં ભારે ધાતુઓનું પ્રમાણ વધી ગયું છે અને તેના કારણે વાળ ખરી રહ્યા છે.

ગામલોકોએ ચિંતીત સ્વરે ફરિયાદ કરતા કહ્યું હતું કે, મહિલાઓ અને પુરૂષો બધાના વાળ ઉતરવા માંડયા છે. વાળ ઉતરવાનું શરૂ થયા પછી ત્રણથી સાત દિવસમાં માથે ટકો થઇ જાય છે. ઇલેક્ટ્રોનિક મિડિયાના કેમેરા સામે લોકોએ રીતસર દેખાડયું હતું કે માથા પર હળવેથી દાંતિયો ફેરવતાની સાથે જ વાળનું ગુચ્છો હાથમાં આવી જાય છે. રાતે ઊંઘ્યા બાદ સવારે ઉઠે ત્યારે તકિયા પાસે વાળના ગુચ્છા હોય છે. સ્ત્રીઓ વાળમાં દાંતિયો ફેરવે તો જાણે કાતર ફેરવી હોય તે રીતે વાળના ગૂચ્છા નીચે પડે છે. હેલ્થ ડિપાર્ટમેન્ટની ટીમે આ ત્રણ ગામડાની મુલાકાત લઇ તપાસ કરી હતી અને જણાવ્યું હતું કે ૫૦થી વધુ ગ્રામજનોને આ બીમારીની અસર થઈ છે. જોકે ડોકટરોનું માનવું છે કે આ સંખ્યામાં વધારો થવાની પૂરી શક્યતા છે. હેલ્થ ડિપાર્ટમેન્ટે એકઠા કરેલા પાણી, વાળ અને ત્વચાના સેમ્પલની લેબોરેટરીમાં તપાસ બાદ રિપોર્ટ આવશે તેને આધારે ઇલાજ થઇ શકશે એવું અધિકારીએ ઝણાવ્યું હતું. શેગાંવના હેલ્થ ઓફિસર ડો. દીપાલી બાહેકરનો આ ટીમમાં સમાવેશ થાય છે. તેમણે કહ્યું હતું કે પ્રદૂષિત પાણીને કારણે વાળ ઉતરતા હોવાની શંકા છે. આરોગ્ય વિભાગની ટીમના અધિકારીઓના જણાવ્યા અનુસાર ખેતીમાં રાસાયણિક ખાતરના વધારે પડતા ઉપયોગથી ગામનું પાણી પ્રદૂષિત બન્યું હોવાની સંભાવના છે. પાણીમાં કેલ્શિયમ તથા મેગ્નેશિયમ વધારે પ્રમાણમાં ભળી ગયું હોય તો આવું બની શકે છે. આમ છતાં પણ ચોક્કસ કારણ જાણવા માટે સંપૂર્ણ તપાસ થઈ રહી છે. ગામના સરપંચ રામા પાટીલ થારકરે કહ્યુ હતું કે આ ભેદી બીમારીથી લોકોમાં ડરનો માહોલ છે.

# ભવિષ્યમાં મેડ ઇન ઇન્ડિયા પ્લેનમાં બેસીને ભારત આવશોઃ PM મોદી

## ઓડિશાના ભુવનેશ્વરમાં પ્રવાસી ભારતીય દિવસ સંમેલનમાં મોદી રહ્યા હાજર, આવતીકાલે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સમાપન સત્રમાં પ્રવાસી ભારતીય પુરસ્કાર એનાયત કરશે

**મુખ્ય સમાચાર - ભુવનેશ્વર**



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં ૧૮મી પ્રવાસી ભારતીય સંમેલનનું ઉદ્દઘાટન કર્યું હતું. આ વર્ષે કોન્ફરન્સની થીમ 'વિકસિત ભારતમાં વિદેશી ભારતીયોનું યોગદાન' છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે ઓડિશાની રાજધાની ભુવનેશ્વરમાં ૧૮મા પ્રવાસી ભારતીય સંમેલનમાં હાજરી આપી હતી. મોદીએ કહ્યું- ભારતીય જ્યાં પણ જાય છે, તેને પોતાનું બનાવે છે. આ હોવા છતાં, ભારત હંમેશા તેમના દિલમાં ધબકે છે. આ કારણે દુનિયામાં મારું માથું ઊંચું રહે છે. પીએમે વધુમાં કહ્યું કે ભારત મેડ ઈન ઈન્ડિયા ફાઈટર જેટ બનાવી રહ્યું છે. એ દિવસ દૂર નથી જ્યારે તમે (ભારતીય ઈમીગ્રન્ટ) મેડ ઈન ઈન્ડિયા પ્લેનમાં બેસીને પ્રવાસી ભારતીય દિવસની ઉજવણી કરવા આવશો. આ દરમિયાન, મુખ્ય અતિથિ, ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપતિ ક્રિસ્ટીન કાર્લા કંગાલુએ પરિષદને વર્ચ્યુઅલ રીતે સંબોધન કર્યું. મોદીએ પ્રવાસી ભારતીય એક્સપ્રેસને પણ લીલી ઝંડી આપી હતી. આ ભારતીય પ્રવાસીઓ માટે સ્પેશિયલ ટુરિસ્ટ ટ્રેન છે, જે દિલ્હીના નિઝામુદ્દીન રેલવે સ્ટેશનથી શરૂ થઈ હતી અને ત્રણ અઠવાડિયા સુધી ઘણા પ્રવાસન સ્થળો પર જશે. તે વિદેશ મંત્રાલયની વિદેશી યાત્રાધામ દર્શન યોજના હેઠળ કાર્યરત છે. આ કાર્યક્રમ માટે ૭૦ દેશોના ૩ હજારથી વધુ પ્રતિનિધિઓ ઓડિશા પહોંચ્યા છે. આ કોન્ફરન્સ ૧૦ જાન્યુઆરી સુધી ચાલશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ તેના સમાપન સત્રમાં હાજરી આપશે અને પ્રવાસી ભારતીય પુરસ્કાર એનાયત કરશે. ૮ જાન્યુઆરીએ કોન્ફરન્સની શરૂઆત યુવા પ્રવાસી ભારતીય દિવસ કાર્યક્રમ સાથે થઈ હતી. તેનું આયોજન ઓડિશા સરકાર, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. ૯ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કોન્ફરન્સમાં ભાગ લેવા પહોંચ્યા હતા. તેમણે પ્રવાસી ભારતીય એક્સપ્રેસને લીલી ઝંડી આપી હતી. મોદી ચાર પ્રદર્શનોનું ઉદ્દઘાટન પણ કરશે. આમાં રામાયણનો વારસો, ટેકનોલોજી અને વિકસિત ભારતમાં પ્રવાસીઓનું યોગદાન, માંડવીથી મસ્કત સુધીના ભારતીય પ્રવાસીઓના વિકાસ અને ઓડિશાનો વારસો અને સંસ્કૃતિનો સમાવેશ થાય છે. ૧૦ જાન્યુઆરીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કાર્યક્રમના સમાપન સત્રની અધ્યક્ષતા કરશે. રાષ્ટ્રપતિ મુર્મુ ઘણા ગર્ઝ્ઈને પ્રવાસી ભારતીય સન્માન પણ આપશે. વિદેશ મંત્રાલયના સચિવ અરુણ કુમાર ચેટર્જીએ કહ્યું- ભારતીય પ્રવાસીઓની સંખ્યા ૩૫.૪ મિલિયન છે, જેમાં ભારતીય મૂળના ૧૯.૫ મિલિયન લોકો અને ૧૫.૮ મિલિયન **NRI** સામેલ છે. અમેરિકામાં ભારતીય મૂળના સૌથી વધુ ૨૦ લાખ લોકો રહે છે. જ્યારે ગઅઊમાં સૌથી વધુ ૩.૫ મિલિયન **NRI** છે.

# આઠ શહેરોમાં હાડ ધ્રુજાવતી ઠંડીનો પારો સિંગલ ડિઝીટમાં

## નલિયા ૫.૬, જામનગરમાં ૯.૫, રાજકોટ ૮.૩, પોરબંદર ૯.૬, અમરેલી ૮.૪, વડોદરા ૯.૨ અને ડિસામાં ૯.૮ ડિગ્રી અને ગાંધીનગરમાં ૯ ડિગ્રી સાથે ટાઢુબોળ



**મુખ્ય સમાચાર - રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાતમાં આજરોજ પણ કાતિલ ઠંડીનું આક્રમણ યથાવત રહેવા પામ્યુ હતું અને હાડ ધ્રુજાવતી ઠંડી જારી રહેવા પામી હતી. દરમ્યાન આજરોજ રાજકોટ સહિત રાજયમાં આઠ સ્થળોએ સિંગલ ડિઝીટમાં તાપમાન નોંધાયુ હતું.

આજરોજ સવારે નલિયા ખાતે ૫.૬ ડિગ્રી, રાજકોટમાં ૮.૩, પોરબંદર ૯.૬, અમરેલીમાં ૮.૪, વડોદરામાં ૯.૨ અને ડિસામાં ૯.૮ અને જામનગરમાં ૯.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાતા લોકો ધ્રુજી ગયા હતા. નીચુ તાપમાન અને બર્ફીલો પવન બંને એક સાથે રહેતા લોકો હિમપર્વત જેવું વાતાવરણ અનુભવી રહ્યા છે.

જયારે આજરોજ સવારે અન્ય સ્થળોએ પણ તિવ્ર ઠંડીનો સપાટો યથાવત રહ્યો હતો. આજે સવારે અમદાવાદખાતે ૧૨.૮, ભાવનગરમાં ૧૧.૭, ભુજમાં ૧૦.૪, દમણમાં ૧૫, દ્વારકામાં ૧૪.૬, દિવમાં ૧૪.૫, ગાંધીનગરમાં ૯, કંડલામાં ૧૧.૫, ઓખામાં ૧૮.૭, સુરતમાં ૧૬.૪ અને વેરાવળમાં ૧૬.૫ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું.

ઉતર ભારતનો શિતલહેરનો પ્રકોપથી જામનગરમાં વર્ષનો ઠંડીનો રેકોર્ડ તૂટ્યો છે. એકરાતમાં ૯.૫ ડિગ્રી સુધી પારો ગગડી જતા. પારો સિંગલ ડિગ્રીમાં પહોચી જતા શહેરીજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા.આગામી ૨૪ કલાક સુધી હજૂ ઠંડીનું મોજૂ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

જામનગર શહેરમાં વર્ષનો ઠંડીનો રેકોર્ડ તૂટ્યો છે. શિયાળીની સીઝનમાં પ્રથમવાર સિંગલ ડીઝીટ શહેરમાં ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.ત્યારે પણ જાન્યુઆરી મહિનામાં કાતિલ ઠંડી પડી હતી. શહેરમાં આજે ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાતા શહેરીજનો કાતિલ ઠંડીમાં ધ્રુજી ઉઠયા હતા. કડકડતી ઠંડીથી રક્ષણ મેળવવા લોકોએ ઠેર-ઠેર તાપણા અને ઘરમાં હિટર ચાલુ કરવાની ફરજ પડી હતી.

બપોરના સમયે પણ વાતાવરણમાં ઠડક રહેતા રાજમાર્ગો સુમસામ બની ગયા હતા.તિબેટીયન માર્કેટમાં ગરમ વસ્ત્રો લેવા ગરમાવો આવ્યો હતો. શહેરમાં મહતમ તાપમાન ૨૪.૫ ડિગ્રી નોંધાયું હતું. આજે સવારે ભેજનું પ્રમાણ ૫૫ ટકા રહેવા પામેલ. અને પ્રતિ કલાક ૫.૩કિ.મી.ની ઝડપે પવન ફુંકાયા હતો.

# તિરુપતિમાં નાસભાગમાં ૬ દર્શનાર્થીઓના મોત

## મોતની ઘટનાથી મંદિર ટ્રસ્ટ એલર્ટ, ટોકન માટે હવે ૯૦ કાઉન્ટર

**મુખ્ય સમાચાર - તિરુપતિ**



વૈકુંઠ એકાદસીના તહેવાર નિમિત્તે શ્રી વેંકટેશ્વર સ્વામી મંદિરમાં દર્શન માટે મફત ટોકનનું વિતરણ કરવા માટે તિરૂપતિના આઠ કેન્દ્રો પર નેવું કાઉન્ટર સ્થાપવામાં આવ્યાં છે અને મોટી ભીડનું સંચાલન કરવા માટે વ્યવસ્થા કરવામાં આવી છે. ટોકન એકત્ર કરવા હજારો લોકો ભેગાં થયાં ત્યારે નાસભાગમાં બુધવારે રાત્રે ૬ લોકો માર્યા ગયાં હતાં. તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમના ચેરમેન બી. આર. નાયડુએ જણાવ્યું હતું કે, ભક્તોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખીને શુક્રવારથી યોજાનાર વૈકુંઠ દ્વાર દર્શનના ૧૦ દિવસ માટે વિસ્તૃત વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, વીઆઈપી દર્શન શુક્રવાર સવારે ૪:૩૦ વાગ્યે શરૂ થશે જ્યારે સર્વ દર્શન સવારે ૮ વાગ્યે શરૂ થશે. તેમણે કહ્યું કે, આ ૧૦ દિવસો દરમિયાન મંદિરમાં વરિષ્ઠ નાગરિકો, વિકલાંગો, બાળકો સાથેનાં માતા-પિતા, એનઆરઆઈ અને અન્ય લોકો સહિત વિશેષ દર્શનો રદ કરવામાં આવ્યાં છે. વધુ ભક્તોને વૈકુંઠ દ્વારમ દ્વારા દર્શન કરવા દેવા માટે ભલામણ પત્રો પણ આ સમયગાળા દરમિયાન સ્વીકારવામાં આવશે નહીં. તેમણે જણાવ્યું કે, ''અમે તિરુપતિના તિરુમાલા ખાતે કોઈપણ ટ્રાફિક સમસ્યાને ટાળવા માટે વ્યવસ્થા કરી છે અને સુરક્ષા વ્યવસ્થા માટે ૧૫૫૦ ટીટીડી કર્મચારીઓ ઉપરાંત લગભગ ૩૦૦૦ પોલીસકર્મીઓને તૈનાત કરવામાં આવ્યાં છે. આ સમયગાળા દરમિયાન સવારે ૬ વાગ્યાથી મધ્યરાત્રિ સુધી સતત ભક્તોને પાણી અને અન્નપ્રસાદનું વિતરણ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.નાયડુએ જણાવ્યું કે, તિરુમાલા જ્યાં મંદિર સ્થિત છે ત્યાં મર્યાદિત આવાસ ઉપલબ્ધ હોવાને કારણે માત્ર દર્શન ટોકન અથવા ટિકિટ ધરાવતાં ભક્તોને જ કતારોમાં જવાની મંજૂરી છે. તેમણે જણાવ્યું હતું કે, ભક્તોને તેમનાં ટોકન અથવા ટિકિટ પર ફાળવેલ તારીખ અને સમય પર જ આવવા વિનંતી કરવામાં આવે છે જેથી લાંબા સમય સુધી રાહ જોવી ન પડે. તિરુમાલા આવતાં શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્ય અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને નાયડુએ તેમને માસ્ક પહેરવાની પણ વિનંતી કરી હતી.

# GST ૩બી રિટર્નમાં વેપારીઓ નહિ કરી શકે સુધારા વધારા

## ૨૫મીથી અમલ શરુ, ૩બી રિટર્નમાં ડેટા જીએસટીઆર ૧ અને ૨એના આધારે દેખાશે

**મુખ્ય સમાચાર - મુંબઈ**




જીએસટી ૩બી રિટર્ન ભરતી વખતે કોઈ ભૂલ હોય તો સુધારી શકાતી હતી પરંતુ આગામી ૨૫ જાન્યુઆરી બાદ તેમાં કોઈ પણ પ્રકારની ભૂલ હશે તો સુધારી શકાશે નહી. આ માટે વેપારીએ પહેલા જીએસટીઆર ૧એમાં સુધારો કરવો પડશે ત્યારબાદ જ જીએસટી ૩બીમાં તેનો સુધારો જોવા મળશે. કારણ કે હવે જીએસટીમાં મોટાભાગની વિગતો ઓટો પોપ્યુલેટેડ હોવાના કારણે વેપારીએ રિટને ભરતી વખતે પૂરતી સાવધાની રાખવી પડશે. જો તેમાં નાની સરખી પણ ભૂલ કરી તો સિસ્ટમ દ્વારા તાત્કાલિક નોટિસ જ મોકલી આપવામાં આવશે.

આ અંગે ટેક્સ કન્સલ્ટન્ટ નારાયણ શર્માએ જણાવ્યું હતું કે વેપારી દ્વારા ભરવામાં આવતા જીએસટીઆર ૧ અને જીએસટીઆર ૨ બીના ડેટા જીએસટીના ૩બી રિટર્નમાં ઓટો પોપ્યુલેટેડ થાય છે. એટલે કે આ બંનેમાં ભરવામાં આવેલા વિગતોના આધારે વેપારીએ ૩બી રિટર્નમાં કેટલા ટેક્સ ભરવાનો છે ગણતરી સિસ્ટમ પ્રમાણે જ કરીને વેપારીને સીધી ટેક્સની રકમ ભરવા માટે જમાવી દેવામાં આવતું હતું. જેથી વેપારી દ્વારા જમા ક્રેડિટમાંથી અથવા તો રોકડ મારફતે નાણાં ભરપાઈ કરી દેતા હતા. જવારે આગામી ૨૫ જાન્યુઆરીથી જીએસટી પોર્ટલ પર એવી સુવિધા શરૂ કરવામાં આવનાર છે કે વેપારી દ્વારા જીએસટીના ૩બી રિટર્નમાં હવેથી કોઈ પણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહીં. આ માટે વેપારીએ સમગ્ર મહિના દરમિયાન કરેલી ખરીદ વેચાણની વિગતોમાં રહેલા સુધારા જીએસટીઆર ૧ એમાં કરવાના રહેશે. તેમાં કરવામાં આવેલા જીએસટીના સુધારા સાથે દેખાશે. આ માટે વેપારીએ હવેથી જીએસટીઆર ૧ ભરતી વખતે ખાસ તકેદારી રાખવાની રહેશે. સિસ્ટમ દ્વારા રિટર્નની ચકાસણી કરવામાં આવે અને તેમાં ભૂલ જણાઈ આવશે તો વેપારીને નોટિસ મળવાની પણ શકયતા નકારી શકાતી નથી.

# મોરબી : વિધવા, વૃદ્ધ અને વિકલાંગોના પેન્શનમાં વધારો કરવાની માંગ ઉઠી

## મોરબીના સામાજિક કાર્યકરો દ્વારા રાજ્યમાં પેન્શન વધારાની રજુઆત; ૨૦૨૫-૨૬ના બજેટમાં રજૂઆતની અપેક્ષા સાથે રજુઆત કરાઈ

**મુખ્ય સમાચાર મોરબી**



મોરબી ના સામાજિક કાર્યકરોએ વિધવા, વૃદ્ધ અને વિકલાંગ માટે પેન્શન વધારવાની માંગ સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસદો અને ધારાસભ્યોને રજુઆત કરી છે. હાલ પેન્શન ૧,૨૫૦ અને ૧,૦૦૦ છે તેટલા રૂપિયામાં ઘર ચલાવવુ મુશ્કેલ હોવાથી આ રકમ વધારી ૪,૦૦૦ અને ૨,૫૦૦ રૂપિયા કરવાની વિનંતી કરાઈ છે.

મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ વી. દવે, જગદીશભાઈ જી. બાંભણીયા, રાણેવાડીયા દેવેશ મેરુભાઈ અને ગીરીશભાઈ છબીલભાઈ કોટેચાએ વિધવા, વૃદ્ધ અને વિકલાંગોના પેન્શનમાં તાત્કાલિક વધારો કરવાની માંગ સાથે લેખિત રજુઆત કરી છે. તેઓએ જણાવ્યું કે હાલમાં વિધવા પેન્શન માત્ર ૧,૨૫૦ રૂપિયા છે, જે હાલની મોંઘવારીના સમયમાં જીવન જરૂરિયાતો માટે પૂરતું નથી. તેમજ વૃદ્ધ અને વિકલાંગોના પેન્શન પણ માત્ર ૧,૦૦૦ રૂપિયા છે, જે પરિવારનું ભરણપોષણ માટે પૂરતું નથી. જેથી તેઓએ પેન્શનને વધારી ૪,૦૦૦ અને ૨,૫૦૦ રૂપિયા કરવાની માંગણી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, મોરબીના કલેક્ટર, તેમજ સાંસદો અને ધારાસભ્યોને કરી છે.

આ અરજી મુખ્યત્વે મોરબીના ધારાસભ્ય કાન્તીભાઈ અમૃતિયા, ટંકારાના દુર્લભજીભાઈ દેથરીયા, હળવદના પ્રકાશભાઈ વરમોરા અને વાંકાનેરના જીતુભાઈ સોમાણી સહિત તમામ લોકો સુધી પહોંચાડવામાં આવી છે. સાંસદો પરસોતમભાઈ રૂપાલા, ચંદુભાઈ સીહોરા, અને વિનોદભાઈ ચાવડાને પણ આ મુદ્દે સંસદમાં અવાજ ઉઠાવવા રજુઆત કરવામાં આવી છે. વધુમાં સામાજિક કાર્યકરોએ જણાવ્યું કે અન્ય રાજ્યોની જેમ ગુજરાત રાજ્યમાં પણ પેન્શન વધારો થવાની માગણી કરી છે. વડાપ્રધાન નારી શક્તિકરણની વાત કરે છે, ત્યારે આ મહત્વના મુદ્દે ગુજરાત રાજ્યમાં પણ પેન્શન વધારો કરવામાં આવે તે માટે તાત્કાલિક પગલાં લેવાની જરૂર છે તેવી માંગણી સાથે રજુઆત કરવામાં આવી છે

# મોરબી : ચાર્જિંગમાં રાખેલ મોબાઈલની ચોરી કરી સહ કર્મચારી છુમંતર

## હોટલમાં કામ કરતા યુ.પીના કર્મચારીનો મોબાઈલ બિહારનો સહ કર્મચારી ચોરી કરીને ફરાર

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબીમાં લાલશા હોટલમાં કામ કરતા કર્મચારીઓ નગર દરવાજા નજીક કડીયા શેરીમાં આવેલ રૂમમાં રહેતા હોય ત્યારે યુપીના કર્મચારીએ ઉપરોક્ત હોટલથી મોડીરાત્રીના પરત આવી પોતાનો સેમસંગ કંપનીનો મોબાઈલ ચાર્જિંગમાં રાખ્યો હોય ત્યાંથી બિહારનો સહ કર્મચારી મોબાઈલની ચોરી કરીને જતો રહ્યો હોય, ત્યારે મોબાઈલ ચોરીની પ્રથમ ઇ-એફઆઈઆર બાદ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં રૂબરૂ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના શ્રાવસ્તી જીલ્લાના ચકવા ગામના વતની હાલ મોરબી ગ્રીન ચોક નજીક કડીયાવાસમાં રહેતા શફીમહમદ ઈદ્રિશભાઈ ગુર્જર એ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં રાહીલ રહે. બિહારવાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા. ૨૨ ડિસેમ્બરના રાત્રીના અઢી વાગ્યાના અરસામા ફરિયાદી શફીમહમદ તથા હોટલમાં સાથે કામ કરતો રાહીલ તથા અન્ય માણસો હોટલ પર કામ પુર્ણ કરીને નગર દરવાજા પાસે કડીયા શેરીમા આવેલ રૂમ પર સુવા ગયેલ ત્યારે ફરિયાદીએ પોતાનો સેમસંગ કંપનીનો અ૧૪ ૫ક્ષ મોડલનો જેના IMEI ૩૫૦૩૩૯૯૫૫૬૯૬૧૬૪ વાળો મોબાઈલ ચાર્જીગમાં રાખીને સુઈ ગયેલ જે બાદ ફરિયાદી શફીમહમદ બપોરના બારેક વાગ્યાના અરસામાં ઉઠેલ ત્યારે ચાર્જિંગમાં રાખેલ મોબાઈલ ફોન નહીં મળતા, રૂમમાં તપાસ કરતા મળી આવેલ નહી તેમજ હોટલમાં સાથે કામ કરતો અને સાથે જ રૂમમાં રહેતો આરોપી રાહીલ પણ રૂમમા કે આજુબાજુ મળી આવેલ નહી જે આ મોબાઈલ ચોરી કરીને ક્યાંક જતો રહ્યો હોય જે મુજબની ફરિયાદને આધારે સીટી એ ડિવિઝન પોલીસે આરોલી સામે ગુનો નોંધી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે

# મોરબીના ગોર ખીજડીયા ખાતે ભવ્ય રામદેવ રામાયણ કથાનો પ્રારંભ

## અલખધણી ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટના ૧૫ વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે સંતશ્રી રત્નેશ્વરીદેવીમાઁની પાવન વાણીએ રામદેવ રામાયણ કથાનું ભવ્ય આયોજન

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબીના ગોર ખીજડીયાની અલખધણી ગૌશાળા ખાતે ૮ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ સુધી ભવ્ય રામદેવ રામાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. કથામાં આવતા પાવન પ્રસંગો સાથે મહાપ્રસાદની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે.

મોરબીના ગોર ખીજડીયામાં આવેલ અલખધણી ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટના ૧૫ વર્ષના મંગલ પ્રવેશ નિમિત્તે ભવ્ય રામદેવ રામાયણ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગૌશાળાના સ્થાપક સ્વ. અંબારામ ભગતના મનોરથના પ્રતીકરૂપે આ કથાનું આયોજન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરાયું છે.

આ રામદેવ રામાયણ કથાના વક્તા સંતશ્રી રત્નેશ્વરીદેવી ગુરૂ મહંતશ્રી ભાવેશ્વરીમાઁ રામધન આશ્રમ, મોરબી તેમના સંગીતમય શૈલીમાં કથાનું રસપાન કરાવશે. પોષ સુદ ૯ થી પોષ વદ ૧ સુધી શરૂ થયેલી આ કથામાં સંતો મહંતોની પ્રેરક ઉપસ્થિતિ રહેશે. હાલ કથાનો પ્રારંભ ૮ જાન્યુઆરી ૨૦૨૫ને બુધવારથી થયો છે, અને તે ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ને મંગળવારના દિવસે પૂર્ણાહુતિ પામશે, કથાનો સમય સવારે ૯ થી ૧૧.૩૦ બપોરે ૨.૩૦ થી ૫ વાગ્યા સુધીનો છે.



આ રામદેવ રામાયણ કથાના ખાસ પાવન પ્રસંગોમાં પોથીયાત્રા (૮ જાન્યુઆરી બપોરે ૨ વાગ્યે), નંદ મહોત્સવ (૯ જાન્યુઆરી), રામદેવજી મહારાજ પ્રાગટ્ય ઉત્સવ (૧૦ જાન્યુઆરી), ભૈરવ ઉધ્ધાર અને રાત્રે રામદેવપીરના પાટ સાથે સંતવાણી (૧૧ જાન્યુઆરી), રામદેવજી મહારાજનો વિવાહ (૧૨ જાન્યુઆરી), રામદેવજી મહારાજના ભક્તો અને પાટના મહિમાની કથા (૧૩ જાન્યુઆરી), તેમજ ૧૪ જાન્યુઆરીએ કથાની પૂર્ણાહુતી કરવામાં આવશે. આ સાથે કથામાં આવતા ભાવિક ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખી છે. ત્યારે અલખધણી ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામદેવ રામાયણ કથાનો ધર્મલાભ લેવા ભક્તોને આમંત્રણ પાઠવ્યું હોવાનું મુકેશ ભગતની યાદીમાં જણાવ્યું છે

# મોરબીના વીસીપરા વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા બે ઈસમો ઝબ્બે



**મુખ્ય સમાચાર મોરબી**

મોરબીના વીસીપરા વિસ્તારમાં ઈમામ ચોક પાસે ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો જાહેરમાં જુગાર રમી રહેલ બચુભાઈ જુસબભાઈ શાહમદાર ઉવ.૪૨ રહે.વીસીપરા ચાર ગોદામ તથા હુશેનભાઈ ગફુરભાઈ માલાણી ઉવ.૩૦ રહે.વીસીપરા ઈમામના ગેટ પાસે મોરબીવાળાને સીટી બી ડિવિઝન પોલીસ ટીમે જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતા પકડી લઈ આ સાથે જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૧,૨૮૦/- કબ્જે કર્યા હતા, બંને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટાભેલા-જશાપર રોડ સહિત મોરબી જીલ્લાના મહત્વના માર્ગોના કામ પૂર્ણ કરવા રજુઆત

## રાજીવગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને માર્ગના કામ તાત્કાલિક પૂરા કરવા વિનંતી

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબી જીલ્લાના વિવિધ ગામોને જોડતા માર્ગોના કામ લાંબા સમયથી અધૂરા રહેતાં ગામજનોમાં રોષ સાથે મૌખિક રજુઆત બાદ રાજીવગાંધી પંચાયતી રાજ સંગઠન ગુજરાત પ્રદેશ પ્રમુખ કાન્તિલાલ બાવરવાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને આ અંગે તાત્કાલિક કાર્યવાહીની માંગણી સાથે લેખિત રજુઆત કરી છે.



કાંતિલાલ બાવરવા દ્વારા લેખિત રજુઆતમાં જણાવ્યા અનુસાર, મોરબી જીલ્લાના માળિયા તાલુકાના મોટા ભેલા ગામને જશાપર સાથે જોડતા માર્ગનું કામ મંજુર થયાને ત્રણ વર્ષથી વધુ સમય વીતી ગયો છે. આ કામનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો અને પ્રારંભિક માટીકામ તથા મેટલનું કામ પૂરું થઈ ગયું છે, પરંતુ મુખ્ય ડામર કામ હજુ બાકી છે. આ કામ માટે રૂ. ૨ કરોડના ખર્ચની મંજુરી હોવા છતાં કામ છેલ્લા ઘણા સમયથી અટવાયું છે. ગામજનો અને સરપંચ દ્વારા રજુઆત કરવામાં આવી છે કે જો આ માર્ગનું કામ ટૂંક સમયમાં પૂર્ણ ન થાય તો આંદોલન શરૂ કરશે.

આ ઉપરાંત, મોરબી-પીપળી-જેતપર રોડ, મોરબી-હળવદ રોડ, મહેન્દ્રનગરના ઓવરબ્રિજ અને પંચાસર રોડ જેવા અનેક કામ પણ લાંબા સમયથી અધૂરા છે. મોરબી જીલ્લામાં માર્ગ સુવિધાઓ માટે મંજુર થયેલા પ્રોજેક્ટમાં નબળી ગુણવત્તાનું કામ થઈ રહ્યું છે, આ માટે કોન્ટ્રાક્ટર સામે પણ કોઈ જ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. હાલ માર્ગના કામ અધૂરા રહેવાથી સ્થાનિક લોકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડતી હોય છે. આ સિવાય અનેક સ્થળોએ નબળું મટીરીયલ વપરાતા રોડ બનવાનું કામ પૂરું થાય તે પહેલાં તૂટી જાય છે.

આ અંગે તપાસની માંગણી કરવામાં આવી છે. વધુમાં કાન્તિલાલ બાવરવાના જણાવ્યા કે આ મામલે તાત્કાલિક પગલા લેવા અને કોન્ટ્રાક્ટરો સામે પણ કાર્યવાહી કરવા રજુઆત કરી છે. અને ચીમકી ઉચ્ચારી છે કે જો ઉપરોક્ત દરેક બાબતે યોગ્ય કાર્યવાહી ન થાય તો તેઓ સ્થાનિક લોકોને સાથે રાખીને ગાંધી ચિંધેલા માર્ગે આંદોલન કરશે

# ટીબી મુક્તિ અભિયાન અંતર્ગત બેડી ગામે નિદાન કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના તથા મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના ટી.બી. મુક્તિ અભિયાન અંતર્ગત બેડી - ૩ જિલ્લા પંચાયત સીટના સભ્ય શ્રીમતી સુમિતાબેન રાજાભાઈ ચાવડા દ્વારા બેડી ગામ તેમજ આસપાસના ગામોમાં આરોગ્ય તપાસની ઝુંબેશ સાથ ધરાઈ હતી



લોકોને ઘર આંગણે ટીબી અંગે તપાસ મળી રહે તે માટે ૧૦૦ દિવસ અંતર્ગત કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગૌરીદડમાં યોજાયેલા કેમ્પ માં ટીબી ની સારવાર ચાલુ હોય તેવા બે દર્દીને કીટ આપવામાં આવી હતી જ્યારે આ કેમ્પ દરમિયાન ગૌરીદડ ગામે ૬૨ લોકોના તથા બેડી ૬૦ લોકોના એક્સ રે સહિતની તપાસ કરવામાં આવી હતી આ કેમ્પમાં દિલ્હી આરોગ્ય ના અધિકારી ડો.ચંદ્રા મેડમ ઉપસ્થિત રહ્યા અને સૂચનો કર્યા તથા આરોગ્યના અધિકારી અને સ્ટાફનો સાથ સહકાર મળ્યો હતો

આ કેમ્પમાં બેડી - ૩ સીટના પ્રતિનિધિ રાજાભાઈ ચાવડા તાલુકા પંચાયત ચેરમેન ભરતભાઈ ડાભી સરપંચ પ્રતાપભાઈ રીબડીયા તાલુકા પંચાયતના સભ્ય વિક્રમભાઈ હુંબલ, ગ્રામ પંચાયતના સુરેશભાઈ, કુંવરજીભાઈ, ગોવિંદભાઈ, હીરાભાઈ તેમજ ગામના આગેવાનો કેશુભાઈ પટેલ, ઘનશ્યામભાઈ, ધનરાજભાઈ આરોગ્યના સ્ટાફ સહિતની ટીમ દ્વારા ગ્રામજનોને ૧૦૦ દિવસ ટીબી કેમ્પેઈન અંતર્ગત નિદાન કરી આરોગ્ય લક્ષી તપાસ કરાઈ હતી

# ગોંડલ આઇ.સી.ડી.એસ ઘટક ૧ દ્વારા પોષણ ઉત્સવ ની સેજા વાઈઝ ઉજવણી કરવામા આવી

## પૌષ્ટિક વાનગી સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ

**મુખ્ય સમાચાર ગોંડલ**

મહિલા અને બાળ વિકાસ ગાંધીનગર દ્વારા આઈસીડીએસ ગોંડલ ઘટક ૧ તારીખ.૦૪/૦૧/૨૦૨૫ થી તા.૯/૧/૨૫ સુધી સેજા કક્ષાનો પોષણ ઉત્સવ ની ઉજવણી કરવામાં આવેલ જેમાં પૌષ્ટિક વાનગી સ્પર્ધા નું આયોજન કરવામાં આવેલ જેમાં માનનીય જિલ્લા વિકાસ અધિકારી સાહેબશ્રી અને પ્રોગ્રામ ઓફીસર શ્રી ના માર્ગદર્શન હેઠળ તાલુકા પંચાયત અને નગરપાલિકાના પદાધિકારીઓ,ગ્રામ પંચાયત ના સરપંચ,સભ્યો અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ કાર્યક્રમ માં ટેક હોમ રેશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ) અને મિલેટમાંથી બનતી ''પૌષ્ટિક વાનગી સ્પર્ધા'' નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરવામાં આવેલ હતી,કે જેનો મુખ્ય ઉદેશ



બાળકો, કિશોરીઓ, સગર્ભા મહિલાઓ અને ધાત્રી માતાઓ સુપોષિત બને તે માટે તેઓના રોજીંદા આહારમાં પોષ્ટિક ખાધ્યો નો ઉપયોગ થાય તે ખુબ જરૂરી છે.કેલરી પ્રોટીન અને સુક્ષ્મ પોષકતત્વો યુક્ત ટેક હોમ રાશન દર માસે વિનામૂલ્યે આંગણવાડી કેંદ્રમાંથી તેમની દૈનિક પોષણની જરૂરીયાતના એક તૃતીયાંશ ભાગનું પોષણ પૂરૂ પાડવા માટે આપવામાં આવે છે. જેમાં વિવિધતાસભર પાકો જેવા કે, બાજરી, જુવાર, રાગી, કાંગ, ચેણો, સામો, કોદરી, વરી વગેરેનો સમાવેશ થાય છે. જેમાં મોટા ભાગના પાકોનું મૂળ ભારત છે અને તે ભારતના પ્રાચીન અને ગુણકારી પાકો તરીકે પણ ઓળખવામાં આવે છે. મિલેટ આરોગ્ય અને પોષણને પ્રોત્સાહન આપતા ગુણધર્મો ધરાવે છે. ટેક હોમ રાશન (માતૃશકિત, બાલશકિત, અને પૂર્ણાશક્તિ), મિલેટ તેમજ સરગવા જેવા પૌષ્ટીક ખાધ્યો મદદથી પૌષ્ટીક વાનગી બનાવવામાં આવી હતી. જે લોકોને વધુમાં વધુ સારી રીતે ઉપયોગ કરે તે અંગે જાગૃતિ લાવવા આ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ આ તકે જેમાં ગોંડલ ઘટક-૧ ના સીડીપીઓ શ્રી, સોનલબેન વાળાની તેમજ આઈસેડીએસ ના સેજા કક્ષાના મુખ્ય સેવિકા શ્રી વર્ષા બેન ભટ્ટ.નયનાબેન મહેતા, મુક્તાબેન ડોબા,પિન્ટુબેન દવે,નાયનાબેન સિંહાર, ધવલભાઈ, હેતલબેન તેમજ આરોગ્યના અધિકારી અને કર્મચારીઓ હાજર રહેલ હતા.તેમજ લાભાર્થીઓ પણ ઉપસ્થિત રહેલ હતા

# પુત્રવધૂને મકાન ખાલી કરવા માર મારી સાસુ-સસરા અને મામાજીએ આપી ધમકી

## પુત્ર અને કુળવધુ જાનથી મારી નાખવાની ધમકી આપતા હોવાની વૃદ્ધે નોંધાવી વળતી ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના મવડી પ્લોટમાં આવલી પ્રજાપતિ સોસાયટીમાં સાસુ, સસરા અને મામાજીએ પુત્રવધુને માર -મારી મકાન ખાલી કરી નાખજે નહીં તર તલવારથી કટકા કરી નાખીશ કહી . જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાઈ છે. જયાર સામાકાંઠે સસરાએ પણ પુત્ર અને -પુત્રવધુએ ખુનની ધમકી આપ્યાની - વળતી ફરીયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગત મુજબ મવડી પ્લોટમાં પ્રજાપતિ સોસાયટી શેરી નં.૨માં રહેતા પુજાબેન શીલુસિંગ ચૌહાણ (ઉ.વ.૩૫)એ તાલુકા પોલીસ મથકમાન નોંધાવેલી ફરીયાદમાં આરોપી તરીકે સાસુ ગુડનબેન, સસરા ભુવનાથસિંહ અને મામાજી ગોવિંદસિંગના નામ આપ્યા છે. ફરીયાદમાં જણાવ્યા મુજબ તેના સાસુ-સસરા અવાર-નવાર માથાકુટ કરે છે. ગઈકાલે તેણી ઘરે હતી ત્યારે સાસુ-સસરા અને મામાજીએ આવી 'આ મકાન મારૂ છે, તુ બહાર નીકળ કહી પાઈ લઈ માર મારવા દોડયા હતા અને ઢીકાપાટુનો માર મારી સાસુએ વાળ પકડી ઢસડી બાદમાં મકાન ખાલી કરી નાખજે નહીંતર તારા તલવારથી કટકા કરી નાખીશ' તેવી ધમકી આપી ભાગી ગયા હતા. જેથી ઈજાગ્રસ્ત પરિણીતાને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડાઈ હતી.જયારે સામાપક્ષે શિવનાસિંગ જગદાનસિંગ ચૌહાણ (ઉ.વ.૬૫) એ પુત્ર શીલુ અને પુત્રવધુ પૂજા વિરૂધ્ધ વળતી ફરીયાદ નોંધાવી હતી જેમાં પુત્રવધુએ પત્ની સાથે કપડા સુવવા બાબતે માથાકુટ કરતા પોલીસ સ્ટેશનમાં સાસામે અરજી કરી હતી. બાદમાં સાંજે પુત્રવધુને ઘરમાંથી નીકળી જવાનું કહેતા તેણ ગાળો આપી હોસ્પીટલમાં દાખલ થઈ હતી. મોડી રાત્રે પુત્ર શીલુ ઘરે આવતા ડેલીનું તાળુ ખોલવાની ના પાડતા તેણે 'તને જીવતો નહીં મુકું, જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી હતી. આ અંગ તાલુકા પોલીસે સામસામી ફરીયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# રાજકોટ આરટીઓ અને પોલીસ દ્વારા રોડ સેફ્ટી અવેરનેસ કાર્યક્રમ કરાયો



**મુખ્ય સમાચાર રાજકોટ.**

રાજકોટ આર ટી ઓ કચેરી દ્વારા છેલ્લા ૨ દિવસમા રોડ સેફટી અવેરનેસ બાબતે સ્કૂલ, કોલેજ તેમજ રસ્તા ઉપર કાર્યક્રમ કરવામાં આવેલ હતા. જેમાં ગવર્નમેન્ટ પોલિટેકનિક રાજકોટ,રોઝરી સ્કૂલ રાજકોટ , પડધરી ટોલ પ્લાઝા ,ટીમ વાન દ્વારા પ્રચાર પ્રસાર , ઉપરોક્ત જગ્યાઓ તેમજ ટીમ વાન દ્વારા જાહેર માર્ગ ઉપર અકસ્માતન થઈ તે હેતુ થી અવેરનેસના કાર્યક્રમ કરવામાં આવેલ જેમાં આશરે ૧૫૦૦ કરતા પણ વધારે બાળકો તેમજ જાહેર જનતાને સમજ આપવામાં આવેલ હતી. લોકો ને ટ્રેફિકના નયમો બાબતે ડીસીપી પૂજા યાદવે ઉંડાણ પૂર્વક સમજ આપી હતી. જયારે કેતન ખપેડ આરટીઓ દ્વવારા હેલ્મેટ અને શીટબેલ્ટની ઉપયોગીતા પ્રેકટીકલ કારી સમજ આપવામાં આવી. ઉપરાંત એસિપી જે બી ગઢવી દ્વાર એ ચલણ બાબતે સમજ આપવામાં આવેલ. જે વી શાહ દ્વારા વિડિઓ બતાવીને બાળકોને ઉંડાણ પૂર્વક સમજ આપવામાં આવેલ. તેમજ પી એમ પાનસુરીયા, બી એ સિંગાળા અને એમ સી પારેખ દ્વારા આશરે ૨૦૦ થી વધારે વાહન ઉપર રેડિયમ રીફલેકટર લાગવી ટઅકસ્માત ઘટે તે બાબતેની પહેલ કરવામાં આવેલ હતી.

# શહેરમાં ઉતરાયણ પર્વ પર કાન ફાડી નાખે તેવા લાઉડ સ્પીકર વગાડવાની મનાઈ

## મકરસંક્રાંતિના પર્વ પૂર્વે પોલીસ કમિશનરનું જાહેરનામુંઃજાહેરમાં ઘાસચારો નાખવા

**મુખ્ય સમાચાર રાજકોટ**



રાજકોટ સહીત રાજ્યભરમાં દર વર્ષે ઉતરાયણ પર્વની રંગે ચંગે ઉજવણી થતી હોય છે ત્યારે આ પર્વને અનુરૂપ શહેર પોલીસ કમિશનર દ્વારા તહેવાર લક્ષી જાહેરનામુ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેમાં કાન ફાડી નાખે તેવા મોટા લાઉડ સ્પીકર વગાડવા ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે આ ઉપરાંત ચાઈનીઝ દોરી, તુક્કલના ઉપયોગ, વેચાણ અને અકસ્માતના બનાવો ન બને તે માટે જાહેરમાં ઘાસચારો નાખવા ઉપર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે આ જાહેરનામું ૫ ડીસેમ્બરથી ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ ઝા દ્વારા પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામામાં જણાવાયું છે કે આગામી ૧૪ જાન્યુઆરીના રોજ ઉતરાયણ પર્વ હોય જેમાં કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે અમુક સૂચનોનું પાલન કરવા દર્શાવાયું છે જેમાં જાહેર રસ્તાઓ ઉપર કે જોખમી ધાબા ઉપર પતંગ ન ઉડાડવી, જાહેર જનતા ખાસ કરીને વૃધ્ધો, નાના બાળકોને ત્રાસ ઉભો થાય તે પ્રકારે મોટા અવાજવાળા લાઉડ સ્પીકર ન વગાડવા, લોકોની લાગણી દુભાય તે પ્રકારનું લખાણ પતંગ પર ન લખવું, કપાતી પતંગો, દોરી લુંટવા માટે મોટા જારી જાખડા લઈને આમ તેમ રસ્તા પર દોડાદોડી ન કરવા, દાનની ભાવનાથી લોકો ઘાસચારો નાખતા હોય છે પરંતુ ભીડને લીધે ટ્રાફિક થવાની અથવા અકસ્માત થવાની ભીતિ રહેલો હોય જેથી જાહેરમાં ઘાસચારો ન વેચવો કે ન ફેકવો, સિન્થેટીક મટીરીયલ, કાચ જેવા હાનીકારક પદાર્થથી બનેલી દોરીનો ઉપયોગ ન કરવો, ચાઈનીઝ દોરી, ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુક્કલ, ચાઈનીઝ લેન્ટેન, સ્કાય લેન્ટેનનું ઉત્પાદન કે આયાત કરીને વેચાણ ન કરવા તથા ઉપયોગ ઉપર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે પોલીસ કમિશનરના જાહેરનામાંનો ભંગ કરનાર સામે ગુનો નોંધવામાં આવશે આ જાહેરનામું ૫ ડસેમ્બર ૨૦૨૪થી ૧૬ જાન્યુઆરી ૨૦૨૫ સુધી અમલમાં રહેશે.

# જામનગરમાં સીટ કવર ફાડનાર શ્વાનને સ્કૂટર સાથે બાંધી ઘસડયું

## જીવદયા પ્રેમીએ ગલુડિયાને પશુ દવાખાને લઈ જઈને સારવાર કરાવી



**મુખ્ય સમાચાર જામનગર**

જામનગર શહેરમાં નર્સ મહિલાએ પોતાના સ્કુટર પાછળ શ્વાનના બચ્ચા (ગલુડીયા)ને દોરીથી સ્કુટર પાછળ બાંધીને ઢસડતા હોવા અંગેનો મુંગા પાણી સાથેના અત્યાચારનો વિડીયો વાયરલ થતાં મહિલા સામે ફીટકારની લાગણી વરસી રહી છે. જીવદયા પ્રેમીએ ગલુડિયાને પશુ દવાખાને લઈ જઈને સારવાર કરાવી હતી. સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતી મહિલાએ મંગળવારે શહેરના સ્વામીનારાયણ નગર વિસ્તારમાં એક શ્વાનના બચ્ચા (ગલુડિયા)ને દોરડાથી પોતાના સ્કુટર પાછળ બાંધીને સ્કુટર ચલાવીને ઢસડતા ગલુડિયાએ ચીસાચીસ કરી મુકી હતી. આ દરમ્યાન પાછળ આવતા એક જીવદયા પ્રેમીએ તે વિડીયો પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો અને સોશ્યલ મીડીયામાં વાયરલ કરી દેતા સંસ્કારી મહિલાના મુંગા પશુ પ્રત્યેના અત્યાચારી કૃત્યથી ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. ગલુડિયું જમીનમાં ઢસડાતા આગળના બન્ને પગમાં ઈજા પહોંચી હતી. જેથી જીવદયા પ્રેમીએ ગલુડીયાને ખાનગી પશુ દવાખાને લઈ જઈને સારવાર કરાવી હતી. વધુમાં જાણવા મળે છે કે, મહિલાના સીટ કવરને તોડી નાંખી હોવાથી મહિલા ગિન્નાયા હતાં. જેથી તેણે ગલુડિયાને પોતાના સ્કુટર પાછળ બાંધીને ઢસડડ્યું હતું.

# ભવાની નગર પાસે ૨.૭૮ લાખનું ડ્રગ્સ લઈ ખેપ મારવા આવેલો આઝમગઢનો શખસ ઝડપાયો

## છૂટક પડિકી બનાવી મેફેડ્રોન ડ્રગ્સ વેચતોઃ મુખ્ય સપ્લાયર સુધી પહોંચવા પોલીસની ક્વાયત



**મુખ્ય સમાચાર રાજકોટ**

જ્યત્રક્ષએ ભવાનીનગર-૨ના ખુણેથી ઉત્તર પ્રદેશના આઝમગઢના શખસને મેફેડ્રોનના જથ્થા સાથે ઝડપી લઈ રૂ.૨.૭૮ લાખનો મુદામાલ કબજે કરી મુખ્ય સુત્રધારનું પગેરૂ મેળવવા રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે પુષ્કરધામમાં આવેલ ભવાનીનગર-૨ના ખુણે શખસ મેફેડ્રોનના જથ્થા સાથે ઉભેલ હોવાની બાતમી આધારે દરોડો પાડી શંકાસ્પદ શખસને નામઠામ પુછતા પોતે મૂળ આઝમગઢનો હાલ ગુજરાત હાઉસિંગ બોર્ડના કવાર્ટરમાં રહેતો અંશુ ઉર્ફે અંશુડો બાબુભાઈ ચૌહાણ હોવાનું જણાવ્યું હતું. અને તેની પાસે રહેલ થેલાની ઝડતી લેતા તેમાંથી મેફેડ્રોનનો જથ્થો મળી આવ્યો હતો. જેનું વજન કરતા ૨૧.૩૫ ગ્રામ થયું હતું.પોલીસે મેફેડ્રોન ડ્રગ્સ,મોબાઈલ, એકસેસ મળી કુલ રૂ.૨.૭૮.૫૦૦ના મુદામાલ સાથે ધરપકડ કરી હતી. ઝડપાયેલા શખસની પૂછતાછ કરતા શખસ અગાઉ ચાર વાર ખેપ કરી ચુકયો છે. લાવેલ જથ્થો છુટક પડીકી બનાવી વેચાણ કરવાની કબુલાત આપી હતી. પોલીસે મુખ્ય સુત્રધારનું પગેરૂ મેળવવા રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે

# શાપરમાં ચાલુ વીજ લાઈન પર પતંગ લેવા જતા ૧૧ વર્ષના તરૂણને શોક લાગતા ભડથું થઈ ગયો

## ૧૦ દિવસ પૂર્વે અલીપુરથી મામા સાથે શાપર આવ્યો હતો : પોલીસે મૃતદેહને પીએમ અર્થે શાપર હોસ્પિ.માં ખસેડી તપાસ હાથ ધરી



**મુખ્ય સમાચાર રાજકોટ**

શાપરમાં ૧૧ વર્ષનો તરૂણ ધાબા પરથી ચાલુ વિજ લાઈન પર અટવાયેલી પતંગ લેવા હાથ નાખતા વિજશોક લાગતા ભડથું થઈ ગયો હતો. બનાવ અંગે લોકોના ટોળા એકઠા થયા હતા. અને ઘટનાની પોલીસને જાણ કરતા શાપર પોલીસ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડી કાર્યવાહી હાથ ધરી છે. મૂળ પશ્વિમ બંગાળના અલીપુરનો વતની પુષ્પવીર શુભાષભાઈ શર્મા ઉ.૧૧ વર્ષ નામનો તરૂણ ધાબા પરથી ઈલેકિટ્રક સબ સ્ટેશનના વીજ પોલ પર પતંગ લેવા જતા જ વિજ શોક લાગવાથી ભડથું થઈ નીચે પટકાયો હતો. બનાવ અંગે લોકોના ટોળા એકઠા થયા હતા. અને ઘટનાની પોલીસને જાણ કરતા શાપર પોલીસ મથકના જમાદાર મુકેશ ચૌહાણ સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિ. માં ખસેડી કાર્યવાહી હાથ ધરી હતી પ્રાથમિક તપાસમાં મૃતક ૧૦ દિવસ પુર્વે શાપર આવ્યો હતો.અને માનસિક અસ્થિર હતો.તેના માતા-પિતા ન હોવાથી મામા સાથે રહેતો હોવાનું જાણવા મળ્યું છે

# રાજકોટ આર.ટી.ઓ.ની ફાસ્ટટ્રેક કામગીરીઃ વર્ષ ૨૦૨૪માં લાઇસન્સ સહિતના આર.સી. પરમીટ સંબંધી ફેસલેસ સેવાના ૧.૩૪ લાખ લાભાર્થી

## ૭૧,૭૯૫ ટુ–વ્હીલર અને ૨૭,૨૪૭ કાર સહીત ૧.૧૦ લાખ નવા વ્હીકલની નોંધણીઃ ફેન્સી નંબરની હરરાજીમાં ૧૫ કરોડથી વધુની આવક

**મુખ્ય સમાચાર - રાજકોટ**

૨૧ મી સદીમાં પરિવહન એ અતિ આવશ્યક સેવા છે. આપણી આસપાસ રોજબરોજ સતત માણસો અને સામાનનુ પરિવહન કરતા અનેક વાહનો જોવા મળે છે. જેને નિયંત્રિત કરતી ડ્રાઈવિંગ અને વાહન સંબંધી કામગીરી રિજિયોનલ ટ્રાન્સપોર્ટ ઓફિસ એટલે કે આર.ટી.ઓ. દ્વારા કરવામાં આવે છે. 'ડિજિટલ ઈંડિયા' એ પ્રધાનમંત્રી શ્રી નરેદ્ર મોદીનું વિઝન છે, જેમાં સરકારની અનેકવિધ સેવાઓને ડિજિટલ બનાવી સમય શક્તિ બચાવનો મુખ્ય હેતુ રહેલો છે. રોડ અને ટ્રાન્સપોર્ટેશન વિભાગ દ્વારા મહત્તમ કામગીરી ફેસલેસ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે લાઇસન્સ અને વ્હીકલ સંબંધી સેવાઓનો ઘર બેઠા બહોળા પ્રમાણમાં લાભ મળે છે.

રાજકોટ આર.ટી.ઓ. વિભાગ હેઠળ વર્ષ ૨૦૨૪ માં લાઈસન્સ સંબંધી સેવાઓ જેવી કે લર્નિંગ લાઈસન્સ, ડુપ્લીકેટ લાઈસન્સ, લાઈસન્સ રીન્યુઅલ, નામ સરનામું બદલાવ સહિતની ૭૬,૨૫૬ અરજીઓ પૈકી ૭૫,૪૨૩ જેટલી અરજીઓ જયારે વાહન સંબંધી સેવાઓમાં આર.સી. માં ડુપ્લીકેટ, ઓનરશિપ, નામ, સરનામાં માં ફેરફાર , તેમજ પરમીટ સંબંધી ૫૯,૨૨૫ જેટલી અરજીઓ પૈકી ૫૮,૬૧૮ ઓનલાઈન અરજીઓના નિકાલ સાથે કુલ ૧.૩૪ લાખ થી વધુ લાભાર્થી ઓને ઘેર બેઠા સેવાનો લાભ મળ્યો હતો, જે કુલ ૯૮ % કામગીરી હોવાનું આર.ટી.ઓ. શ્રી કેતન ખપેડે જણાવ્યું છે.




વધુ વિગત આપતા તેઓએ જણાવ્યું છે કે, આર.ટી.ઓ દ્વારા નવા વાહનની રજીસ્ટ્રેશન પ્રક્રિયા અંતર્ગત ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં રીક્ષા, કાર, ટેક્ષી, મેક્ષી, ટ્રેક્ટર, બસ, એમ્બ્યુલન્સ સહીત ૧૦,૪૯૮ જયારે નોન ટ્રાન્સપોર્ટ કેટેગરીમાં હાર્વેસ્ટર, ટ્રેલર, ક્રેન, ટ્રેકટર, સહીત ૯૯,૭૩૮ વ્હીકલના રજીસ્ટ્રેશન કરવામાં આવ્યાં છે. જેમાં ૭૧,૭૯૫ ટુ-વ્હીલર અને ૨૭,૨૪૭ કારનો સમાવેશ થાય છે.

આર.ટી.ઓ દ્વારા ખાસ વાહન નંબર કે જેમાં ગોલ્ડ અને સિલ્વર કેટેગરી ઉપરાંત અન્ય ફેન્સી નંબર મેળવવા માટે ઓનલાઈન હરરાજી કરવામાં આવે છે, જેમાંથી ગત વર્ષે કુલ ૩૦,૮૩૭ વાહનોના નંબર માટે હરરાજી કરવામાં આવી હતી. જેમાં ટુ-વ્હીલર કેટેગરીમાં રૂ. ૧૮,૮૩,૫૦૦ તેમજ ફોર-વ્હીલર કેટેગરીમાં રૂ. ૭૪,૯૩૦૦૦ મળીને આર.ટી.ઓને કુલ રૂ. ૧૫,૧૮,૪૫,૫૦૦ રૂ. ની આવક થઈ હોવાનું શ્રી ખપેડે જણાવ્યું છે.

ફેસલેસ સિવાય અન્ય કામગીરી માટે આર.ટી.ઓ. ખાતે રૂબરૂ જરૂરી સેવાઓ પુરી પાડવામાં આવે છે. જેમાં આર.સી. કેન્સલેશન, વ્હીકલ કન્વર્ઝન, ફિટનેસ સર્ટી, હાયપોથેકસન, એન.ઓ.સી. નવું રજીસ્ટ્રેશન, ઓનરશિપ ટ્રાન્સફર, ફ્રેશ પરમીટ સહીત વિવિધ સેવાઓ માટે ૨,૦૮,૫૬૧ જેટલી અરજીઓ પૈકી ૨,૦૭,૯૮૮ જેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૨૪ માં આર.ટી.ઓ. કચેરી દ્વારા વ્હીકલ એક્ટ અંતર્ગત વાહન ઓવરલોડ, ઓર ડાયમેન્શન, રિફ્લેક્ટર, ડાયમંડ પટ્ટી, વાઈટ લાઈટ એલ.ઈ.ડી., થર્ડ પાર્ટી વીમા, બેફામ ઝડપે ભયજનક રીતે વાહન ચલાવવું, પી.યુ.સી., ફિટનેસ, હેલ્મેટ, સીટ બેલ્ટ, ડ્રાઈવિંગ લાઈસન્સ સહિત ભંગ બદલ કુલ ૧૩,૦૧૨ કેસ કરવામાં આવ્યાં હોવાનું તેમજ રૂ. ૫,૪૫,૦૩,૯૫૮ નો દંડ વસુલવામાં આવ્યો છે.

વ્હીકલ સંબંધી સેવાઓનો ઝડપી અને સરળ ઉકેલ આવે તે માટે રાજકોટ આર.ટી.ઓ. ની ટીમ સતત કાર્યશીલ રહી આવનારા સમયમાં પણ આ જ પ્રકારે ઉત્કૃષ્ટ કામગીરી કરી પરિવહન સેવાને વધુ સુગમ બનાવવા પ્રતિબંધ છે ત્યારે, આર. ટી.ઓ. દ્વારા રોડ સેફટી અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમો સહીત આનુસંગિક કામગીરી દ્વારા લોકોના જાનમાલનું રક્ષણ કરવા પણ કટિબદ્ધ હોવાનું શ્રી કેતન ખપેડે જણાવ્યું છે.

# "આત્મનિર્ભર નારી, આત્મનિર્ભર ગુજરાત"

## રાજકોટ જિલ્લામાં રોજગારલક્ષી નર્સિંગ આસિસ્ટન્ટની તાલીમ લેતી ખાણ કામ પ્રભાવિત વિસ્તારની મહિલાઓ

**મુખ્ય સમાચાર - રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ખાણ કામ પ્રભાવિત વિસ્તારની મહિલાઓ માટે રોજગારની તકો નિર્માણ કરવા જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અને ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન અંતર્ગત પાયલોટ ધોરણે ''સખી સ્વાભિમાન પ્રોજેક્ટ'' હાથ ધરવામાં આવ્યો છે. જે અંતર્ગત ખાણ કામ પ્રભાવિત ૧૦૮ ગામની મહિલાઓને ગત તા. ૦૧ જાન્યુઆરીથી ૯૦ દિવસ સુધી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ખાતે રોજગારલક્ષી નર્સિંગ આસિસ્ટન્ટની તાલીમ આપવામાં આવી રહી છે

આ તકે અધિક કલેક્ટર અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી એ.કે.વસ્તાણી, જિલ્લા લાઈવલીહૂડ મેનેજરશ્રી વી. બી. બસિયા, ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, રાજકોટના ચેરમેનશ્રી ડો. દીપકભાઈ નારોલા અને જિલ્લા આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજરશ્રી એલ્વિશભાઈ ગોજારીયાએ તાલીમ લઈ રહેલી મહિલાઓને નોકરીમાં આગળ વધવાની પ્રેરણા અને શુભેચ્છા આપી હતી તથા તાલીમાર્થી બહેનોને બુક, યુનિફોર્મ અને આઈ-કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું.





ઉલેખનીય છે કે વહિવટી તંત્ર દ્વારા તાલીમાર્થી મહિલાઓ કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના તાલીમ લઈ શકે, તેવી દરેક બાબતનું ધ્યાન રાખવામાં આવ્યું છે. મહિલાઓ માટે હોસ્ટેલમાં રહેવા-જમવા અને તાલીમ સ્થળ સુધી પરિવહનની વ્યવસ્થા વિનામૂલ્યે કરવામાં આવી છે. તાલીમ દરમિયાન ઉપયોગમાં લેવાતા સાધનો, પેશન્ટ કીટ સહિતની જરૂરી વસ્તુઓ નિઃશુલ્ક આપવામાં આવે છે. મહિલાઓને ૯૦ દિવસની આ તાલીમમાં કુલ ૫૪૦ કલાક તાલીમ આપવામાં આવે છે. જેમાં ૧૨૦ કલાક થિયરી, ૨૪૦ કલાક પ્રેક્ટીકલ, ૬૦ કલાક સોફ્ટ સ્કીલ અને ૧૨૦ કલાક ઓન જોબ તાલીમ આપવામાં આવે છે.

વધુમાં, સ્થાનિક તાલુકા કક્ષાની હોસ્પિટલ, શહેરની ખાનગી હોસ્પિટલ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને વ્યક્તિગત કેર ટેકરની જરૂરિયાત હોય તેવા રોજગારીના સ્થાનોની માહિતી એકત્રિત કરીને ઓછામાં ઓછા રૂ. ૮,૦૦૦ના પગારથી નોકરી આપવામાં આવે છે. તેમજ શરૂઆતના ૩ મહિના સુધી લાભાર્થી દીઠ માસિક રૂ. ૨૦૦૦ સુધીનું પોસ્ટ પ્લેસમેન્ટ સપોર્ટ આપવામાં આવે છે.

નોંધનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા સમાજમાં મહિલાના આર્થિક અને સામાજિક ઉત્થાનના હેતુસર પરિણામલક્ષી પગલાઓ લેવામાં આવ્યા છે ત્યારે આ તાલીમમાં મહિલાઓ સમાજમાં પુનઃસ્થાપન કરી શકે અને આત્મનિર્ભર બની શકે તે માટે તેને અગ્રતા આપવામાં આવી રહી છે.

# "કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર-સુખડીનો અન્નકૂટ"

## પવિત્ર ધનુર્માસ નિમિત્તે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર આયોજીત સાળંગપુરધામમાં પારિવારિક શાંતિ માટે મંદિરના પટાંગણમાં યજ્ઞશાળામાં શ્રી હનુમાન ચાલીસા યજ્ઞનું આયોજન

**મુખ્ય સમાચાર - સાળંગપુર**

સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પવિત્ર ધનુર્માસ નિમિત્તે તા.૭ ને મંગળવારના સાળંગપુરમાં શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને દિવ્ય વાઘા તથા રંગબેરંગી સેવંતીના મિક્સ ફુલો વડે દિવ્ય શણગાર કરાયો છે તેમજ સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો,દાદાને અનેક વિધ પ્રકારની પેન અને પેન્સિલ ધરાવવામાં આવી હતી. ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા અને સવારે ૭ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવી હતી. આજે



કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે રંગબેરંગી સેવંતીના મિક્સ ફુલો વડે દિવ્ય શણગાર કરાયો છે. દાદાને સિલ્કના ફુલની ડિઝાઈનના વાઘા ધરાવવામાં આવ્યા છે.આજે મંગળવારે મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. સાથોસાથ મંદિરની યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની આર્ટિસ્ટિક સ્કેટિંગ સ્પર્ધા યોજાઈ




**મુખ્ય સમાચાર - રાજકોટ**

જાન્યુઆરી - ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત હાલમાં વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ રહી છે.જે અન્વયે રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે જિલ્લા કક્ષાની આર્ટિસ્ટિક સ્કેટિંગની રમતમાં ભાઈઓ અને બહેનોની સ્પર્ધા યોજાઈ હતી.

આ સ્પર્ધામાં અંડર ૧૪ સોલો ડાન્સ તેમજ ફ્રી સ્ટાઈલમાં ભાઈઓમાં સાંદિપની શાળાના વીર પઢિયાર, વંશ પઢિયાર, વીર વાધવાણી અને પિનાક ગોંડલીયા તેમજ બહેનોમા વેસ્ટ વુડ શાળાની ધ્રેયા ભારડીયા અને નિર્મલા સ્કુલની હિત કણઝારીયા, હિરવા કણઝારીયા તેમજ મેહા માત્રાવડીયા પસંદગી પામ્યા હતા. બાળકોએ સ્પર્ધા દરમ્યાન સ્કેટિંગ પર અવનવા સ્ટેપ કરી સૌને મોહિત કર્યા હતા.

# ઈન્ટેક રાજકોટ દ્વારા "વારસો શિક્ષણ અભિયાનનો" પ્રારંભ

**મુખ્ય સમાચાર - રાજકોટ**

ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (ઈન્ટેક)ના રાજકોટ ચેપ્ટરે જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક વારસાની જાગૃતિ વધારવા માટેનું ''વારસો - શિક્ષણ અભિયાન'' શરૂ કર્યું છે. આ અભિયાનના ભાગરૂપે વોટ્સન મ્યુઝિયમ, લેંગ લાઈબ્રેરી, મહાત્મા ગાંધી મ્યુઝિયમ અને કબા ગાંધીનો ડેલો જેવા વારસાના સ્થળોની મુલાકાત સામેલ છે, જે વિદ્યાર્થી ઓને ઈતિહાસ અને સંસ્કૃતિ સાથે સાયુજ્ય સાધવામાં મદદરૂપ થશે.

આ અભિયાન અંગે રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, ''આપણો વારસો આપણું ગૌરવ અને



જવાબદારી છે. આ કાર્યક્રમ દ્વારા આપણે સ્થાનિક વારસાના મહત્વને ઉજાગર કરવું જોઈએ, જેથી યુવાનોમાં આપણા વારસા પ્રત્યે લગાવ વિકસે, જે લાંબા ગાળે વારસાની જાગૃતિ અને જાળવણી માટે સકારાત્મક પ્રભાવ લાવશે.''

આ અભિયાન રાષ્ટ્રીય શિક્ષણ નીતિ સાથે સુસંગત છે, જે સાંસ્કૃતિક શિક્ષણને પાઠ્યક્રમ સાથે સંકલિત કરીને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પર ભાર મૂકે છે. અને પ્રાઈમ મિનિસ્ટર સ્કૂલ્સ ફોર રાઈઝિંગ ઈન્ડિય... શાળાઓના આદેશોને પણ... પૂરક છે, જે શૈક્ષણિક ઉત્કૃષ્ટતા સાથે વારસો શિક્ષણના આધુનિક ઉદાહરણ તરીકે સેવા આપે છે.



વર્કશોપ અને ઈન્ટરએક્ટિવ સત્રો જે વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક અને વારસો શિક્ષણને શીખવા માટે કાર્યશીલ માર્ગો સાથે જોડી સર્જનાત્મક સ્પર્ધાઓ પર રચનાત્મક અભિગમ અપનાવવા માટે પ્રોત્સાહિત કરશે. ... તથા શિક્ષકો ... માટે ક્ષમતા ... નિર્માણ, ... તાલીમ ... સૂત્રોનું ... પ્રણેતા ... બનશે.

... આ પ્રસંગે ... આર્કિટેક્ટ ... રિદ્ધિ શાહ, ... ઈન્ટેક રાજકોટ ... ચેપ્ટરના કન્વીનર શ્રીમતી પૂર્ણિમા દત્ત, ડિરેક્ટર હેરિટેજ એજ્યુકેશન એન્ડ કમ્યુનિકેશન સર્વિસિસ ડિવિઝન, ઈન્ટેક, નવી દિલ્હી, અને ડો. કલ્પા માનેક ઈતિહાસ વિભાગ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ આ અભિયાનના અમલમાં સહકાર આપ્યો હતો. તેમણે ઈન્ટેક રાજકોટની ટીમમનિષ પારેખ, મિતેશ જોષી, વિદાંશી ધોળારિયાઅને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પાર્થ દવે, ધ્રુવિલ મકવાણા, કૌશિક જોષી, જાગૃતિ પરમાર અને જ્યોતિ સિંહને આ પહેલને જીવંત બનાવવામાં તેમની મહેનત માટે આભાર વ્યક્ત કર્યો હતો.

વધુ વિગતો માટે ઈન્ટેક રાજકોટ ચેપ્ટર intachrajkotgmail.com પર મેઈલ કરી વધુ જાણકારી મેળવી શકાશે.

# રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત ૬ હાઈસ્કુલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ કલરવ-૨૦૨૫ યોજાયો

**કલરવ-૨૦૨૫ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૪ની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થી ઓને શિલ્ડ અને મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા.**

**મુખ્ય સમાચાર - રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા દ્વારાસંચાલિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી સાંસ્કૃતિક ક્ષમતાને બહાર લાવી, ઉજાગર કરવાના હેતુથી વાર્ષિકોત્સવ કલરવ-૨૦૨૫ કાર્યક્રમ તેમજ વર્ષ ૨૦૨૪ની ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં પ્રથમ, દ્વિતિય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઈનામ વિતરણ કાર્યક્રમનું આયોજન આજતા.૦૮/૦૧/૨૦૨૫, બુધવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે પૂ.પ્રમુખ સ્વામિ ઓડીટોરીયમ ખાતે કરવામાં આવેલ.આ કાર્યક્રમનો શુભારંભ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાતથાઅન્ય મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી કરવામાં આવ્યો. કલરવ-૨૦૨૫ કાર્યક્રમમાંમેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રીઅશ્વિનભાઈ મોલિયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પૂજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવિણભાઈ નિમાવત,માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયા, પ્લાનિંગ સમિતિ ચેરમેન ચેતનભાઈ સુરેજા, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન કંકુબેન ઉઘરેજા, કોર્પોરેટર મંજુબેન કુગસિયા,વિનુભાઇ સોરઠીયા, અલ્પાબેન દવે,દુર્ગાબા જાડેજા, દક્ષાબેન વસાણી, કંચનબેન સિધ્ધપુરા, જીતુભાઈ કાટોડીયા, નગર પ્રાથમિક



શિક્ષણ સમિતિ સભ્ય જાગૃતિબેન ભાણવડીયા, સુરેશભાઈ રાઘવાણી, નાયબ કમિશનર ચેતન નંદાણી, એચ.આર.પટેલ, આસી.કમિશનર સમીર ધડુક, એન.કે.રામાનુજ, સિટી એન્જી. ભાવેશ જીવાણી, મેનેજર કૌશિક ઉનાવા, મેનેજર અને પી.એસ.ટુ મેયર વી.ડી.ધોણીયા, ગ્રંથપાલ નરેન્દ્ર આરદેશણા, નાયબ પર્યાવરણ ઈજનેર વલ્લભ જીંજાળા, નાયબ કાર્યપાલક ઈજનેર બિરજુ મહેતા, ૬ હાઈસ્કુલના આચાર્યશ્રી, શિક્ષકો, વાલીઓ તથા બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદબોધન કરતા ધારાસભ્ય ડો.દર્શિતા શાહએ જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓનું કૌશલ્ય બહાર આવે અને શાળાઓના બાળકોને પણ એક સુંદર પ્લેટફોર્મ મળે અને શિક્ષણની સાથે તેમનામાં રહેલ કૌશલ્ય બહાર આવે તેવા ઉમદા ઉદેશ્યથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. બાળકના જીવનનો નવો વળાંક ધોરણ ૧૦ અને ૧૨ થી થતો હોય છે. આવા બાળકોએ જ્યારે તેમના પરિવારનું, સમાજનું અને પોતાના માતા પિતાનું નામ રોશન કર્યું છે તેવા વિદ્યાર્થી ઓને ઈનામ આપીને તેમને અને તેમના પરિવારને અને તેના માધ્યમથી બિરદાવાનો કાર્યક્રમ આજે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યો છે. આપણા લોકલાડીલા વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીનો હંમેશા એ જ અભિગમ રહ્યો છે કે, શિક્ષણએ જીવનનો સૌથી મહત્વનો પાયો છે. પુસ્તક વિના તમારા જીવનનો કોઇપણ ખૂણો હંમેશા ખાલી રહેશે અને આ ઉદેશથી બાળકો સારામાં સારૂ શિક્ષણ મેળવે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ખૂબ સારી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં ખાનગી શાળાઓ કરતા સારું બિલ્ડીંગ, નામાંકિત શિક્ષકો, સારૂ પ્લેગ્રાઉન્ડ અને નિઃશુલ્ક શિક્ષણઆપવામાં આવે છે.આપણા દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીઅને આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા બાળકો ખૂબ આગળ વધે અને વધુને વધુ અભ્યાસ કરે તે હેતુથી ગત વર્ષે નમો લક્ષ્મી યોજના અને નમો સરસ્વતી યોજનાનો શુભારંભ કરવામાં આવેલ. આ યોજના હેઠળ વિજ્ઞાન શાખાના બાળકો માટે રૂ.૭૫૦૦૦ અને ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓને રૂ.૨૫૦૦૦ સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે. આજનું બાળક એ આવતીકાલના ભારતનું ભવિષ્ય છે. અંતમાં તેમણે કલરવ-૨૦૨૫ કાર્યક્રમના આયોજન બદલ માધ્યમિક અને આનુષાંગિક શિક્ષણ સમિતિ ચેરમેન રસીલાબેન સાકરીયાને અભિનંદન પાઠવું છું. આ કાર્યક્રમમાં શ્રીમતી નયનાબેન પેઢડીયાએ જણાવેલ કે,રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને પ્રાથમિક સુવિધાનાં કામો, આંતરમાળખાકીય વિકાસનાં કામો, હરવા ફરવાના સ્થળો વિકસાવવા, ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે અન્ડર/ઓવરબ્રિજના કામો, મુખ્ય માર્ગો પર ટ્રાફિક સિગ્નલ તેમજ સી.સી.ટી.વી. કેમેરા, શહેરી ગરીબોને આવાસ યોજના, આરોગ્ય કેન્દ્ર વિકસાવવા વગેરે જેવા કામો તથા પ્રોજેક્ટ્સ શહેરીજનોને આપે જ છે સાથો-સાથ શહેરના મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક અને અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ ખુબ જ સુંદર વાતાવરણમાં, રમત-ગમતનાં મેદાન સહિતની અધ્યતન સુવિધાયુક્ત બિલ્ડીંગોમાં મેળવી શકે તે માટે આપણા આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર અને રાજ્યના આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ રાજકોટ મહાનગરપાલિકા પણ સતત ચિંતા કરે છે. આજે સરકારી શાળાઓમાં મધ્યમ અને ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ તાલિમી શિક્ષકો દ્વારા નિઃશુલ્ક શિક્ષણ ઉપરાંત, યુનિફોર્મ, બેગ, કોમ્પ્યુટર લેબ, શૈક્ષણીક પ્રવાસ જેવી સુવિધા આપવામાં આવે છે. ગુજરાત સરકાર દ્વારા નમો લક્ષ્મી યોજના ધોરણ-૯ થી ધોરણ-૧૨ સુધીના વિદ્યાર્થીઓ માટે રૂ.૫૦,૦૦૦ની શિષ્યવૃતિ તેમજ નમો સરસ્વતી યોજના અંતર્ગત ધોરણ-૧૧ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે રૂ.૨૫,૦૦૦ની શિષ્યવૃતિ આપવામાં આવે છે. આ જ કારણે ગુજરાતમાં સરકારી સ્કુલોમાં ડ્રોપ આઉટ રેશિયામાં ઘટાડો થયો છે તેમજ શિક્ષણનું સ્તર ઊંચું આવેલ છે. આ તકે મેયરશ્રીએ એક પંક્તિ રજુ કરતા કહ્યું હતું કે, માતૃભૂમિ ગાન સે ગુંજતા રહે ગગન,સ્નેહ નિર સે સદા ફૂલતે રહે સુમન. આજે આપણે સૌ જોઈએ છીએ કે, મોટાભાગના ઉચ્ચ અધિકારીઓ સરકારી શાળામાં અભ્યાસ કરી આગળ આવ્યા છે અને ઉચ્ચ અધિકારી બન્યા છે. આજે જ્યારે રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ કલરવ-૨૦૨૫ તથા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨નાં વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સમારોહનું એક સુંદર આયોજન કરી વિદ્યાર્થીઓને એક પ્લેટફોર્મ પુરૂ પાડેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જસદણના ગઢડા પાસે થયેલ ખુનના ગુન્હામાં પાંચ શખ્સોનો નિર્દોષ છુટકારો

## આ કેસમાં પોલીસએ ફરીયાદી બની ફરીયાદ આપેલ હતી

**મુખ્ય સમાચાર જસદણ**

સદરહું બનાવની હકીકત જોવામાં ફરીયાદી આર.બી.ગોહીલ (પોલીસ સબઈન્સ્પેકટર) પેરોલ ફર્લો સ્કોડ (એલ.સી.બી.) રાજકોટ ધ્વારા એવી ફરીયાદ આપવામાં આવેલ કે તા.૨૫/૮/૨૦૧૬ ના રોજ ઘુઘાભાઈ સામતભાઈ ચાવડાએ જસદણ પોલીસ સ્ટેશનમાં એવું જાહેર કરેલ કે ભડલી ગઢાળા રોડ પર મારૂતી ફ્રન્ટી કાર GJ-05-AR-3662 માં એક અજાણ્યા પુરૂષની લાશ પડેલ હોય જેથી તેની સ્ટેશન ડાયરી એન્ટ્રી કરી તપાસ જે.બી.રાણાને સોંપી સદરહું લાશ સંજયભાઈ મનુભાઈ સાકળીયાની હોય અને અકસ્માત મોત અંગેનો ગુન્હો દાખલ કરવામાં આવેલ.

બનાવની પુછપરછ દરમ્યાન મરણ જનારના નીવેદનો લેતા મરણ જનાર સંજયને ટાટમ ગામના માવજીભાઈ કરશનભાઈ તાવીયાની દીકરી ચંદ્રીકા સાથે આડા સંબંધો હોય જેથી તેના પરિવારજનોએ સાથે મળી મોત નીપજાવવાની શંકા દર્શાવેલ હતી બાદમાં તપાસ દરમ્યાન માવજીભાઈ કરશનભાઈ તાવીયા અને તેના પત્ની નયનાબેનની પુછપરછ કરતા તેઓ ભાંગી પડેલ અને આ સંજય તેઓની દીકરીને હેરાન પરેશાન કરતો હોય જેથી તેઓના દીકરીની ઘરે વાત કરવાથી તેને મારી નાંખવાનું કાવતરું ઘડેલ અને આ કાવતરાને અનુસંધાને મરણ જનારને તા.૨૪/૮/૧૬ ના રોજ તેઓની વાડીએ બોલાવી અને તેને ગુંદીના ઝાડ સાથે દોરડાથી બાંધી દીધેલ અને ત્યારબાદ તેઓએ તેના ઘરના સભ્યોને બોલાવેલ અને બધાએ એકસાથે માર મારી કપાસમાં છાંટવાની જંતુનાશક દવા પીવડાવી તેની આંખમાં મરચું છાંટી તેનું ખુન કરેલ અને ત્યારબાદ સદરહું મરણ જનારને તેની ગાડીમાં પાછળની સીટમાં રાખી સદરહું કાર ભડલી થી ગઢડા જતા રોડ પર રાખી ગુન્હો કર્યા અંગેની ફરીયાદ નોંધાવવામાં આવેલ જે ગુન્હા અનુસંધાને જસદણ પોલીસ સ્ટેશન, રાજકોટ ગ્રામ્ય ધ્વારા આઈ.પી.સી. કલમ ૩૦૨, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૨૦(બી) અને ૩૪ મુજબનો ગુન્હો નોંધેલ હતો ત્યારબાદ સદરહુ ગુન્હા અનુસંધાને આઈ.પી.સી. કલમ ૨૦૧ મુજબનો કલમનો ઉમેરો કરવામાં આવેલ હતો.

સદરહુ ગુન્હા અનુસંધાને જસદણ પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી (૧) માવજીભાઈ કરશનભાઈ તાવિયા (૨) નયનાબેન માવજીભાઈ તાવિયા (૩) અંકુરભાઈ ધીરૂભાઈ તાવીયા (૪) મંગુબેન ધીરૂભાઈ તાવીયા (૫) વિપુલ ગોરધનભાઈ ડાભીની અટક કરી જેલ હવાલે કરેલ હતા.

બાદમાં સદરહું ફરીયાદમાં પોલીસ ધ્વારા વિવિધ પંચનામાઓ કરી સાહેદોના નીવેદનો નોંધી મુદામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ નામદાર અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ હતું. ચાર્જશીટ થયા બાદ સદરહું કેસ ચાલવા પર આવતા સદરહુંકેસમાં ફરીયાદપક્ષ તરફે અટક પંચનામાના પંચો, સ્થાનીક જગ્યાના પંચો તેમજ સાહેદો, ડોકટર તથા પોલીસ સાક્ષીઓ મળી કુલ-૧૭ જેટલા સાહેદો આ કામે તપાસવામાં આવેલ હતા.

ત્યારબાદ સદરહું કેસ ચાલી જતા સદરહું કેસ ફાઈનલ દલીલ પર આવેલ હતો જેમાં આરોપી તરફે એવી દલીલો કરવામાં આવેલ કે આ કેસમાં આરોપી સામે કોઈ સીધો પુરાવો નથી કે કોઈ આડકતરો પુરાવો પણ મળી આવેલ નથી તેમ છતા પોલીસ ધ્વારા ખોટી ફરીયાદ કરી આ કેસમાં ખોટી રીતે ફીટ કરી દેવામાં આવેલ છે તેમજ તમામ પંચો હોસ્ટાઈલ થયેલ છે, બનાવવાળી જગ્યાએથી કોઈ ચીજવસ્તુઓ મળી આવેલ નથી તા.૨૪/૮/૧૬ ના બનાવની ફરીયાદ તા.૨/૧૦/૧૬ ના રોજ આપવામાં આવેલ છે આ દરમ્યાન મરણ જનારના પત્ની નયનાબેન સંજયભાઈ સાકળીયા ધ્વારા અરજી કરવામાં આવેલ નથી કે તેઓના ઘરના સભ્યો ધ્વારા પણ આ ખુન અંગેની કોઈ અરજીઓ કરવામાં આવેલ નથી ત્યારબાદ તા.૧૭/૯/૧૬ ના રોજ એકાએક તેઓ ધ્વારા ખોટી ઉપજાવી કાઢેલી અરજી કરવામાં આવેલ છે અને જે અરજીના કામે હાલના આરોપીઓને ફીટ કરી દીધેલ છે અગાઉ તેઓ ધ્વારા પોલીસમાં તા.૨૯/૮/૧૬ તથા તા.૧૨/૯/૧૬ ના રોજ નીવેદનો લખાવવામાં આવેલ છે અને જે નીવેદનોમાં કોઈપણ ઉપર શંકા દર્શાવવામાં આવેલ નથી તેમજ મરણ જનારના માતા ધ્વારા પણ તા.૨૬/૮/૧૬ ના રોજ નીવેદન આપવામાં આવેલ છે તેમાં પણ શંકા દર્શાવેલ નથી બનાવવાળી જગ્યાએથી કોઈપણ જાતના દોરડાઓ કબ્જે કરવામાં આવેલ નથી કે દવાની કોઈ બોટલ કબ્જે કરવામાં આવેલ નથી તેમજ મેડીકલ પુરાવો જોવામાં આવે તો મરણ જનારના શરીરમાં ઝેરની હાજરી મળી આવેલ નથી અને પોલીસે મરણ જનારના પત્નીના કહેવા મુજબ તેઓને અન્ય વ્યકિત સંધ્યા સાથે પણ પ્રેમસંબંધ હતો તે અંગે કોઈ તપાસ કરેલ નથી તેમજ આ કામે મહત્વના સાક્ષી ચંદ્રીકાબેનનું કોઈ નીવેદનો લેવામાં આવેલ નથી તેમજ આરોપીને સાંકળતો કોઈપણ જાતનો પુરાવો મળી આવતો નથી તેમજ ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે જેથી આરોપીને નિર્દોષ છોડી મુકવા જોઈએ આમ નામદાર અદાલત ધ્વારા ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓ તેમજ આરોપી તરફેની દલીલો તથા આરોપી તરફે રજુ થયેલ નામદાર સુપિમ કોર્ટ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચુકાદાઓ ધ્યાને લઈ આરોપીઓ (૧) માવજીભાઈ કરશનભાઈ તાવીયા (૨) નયનાબેન માવજીભાઈ તાવીયા (૩) અંકુરભાઈ ધીરૂભાઈ તાવીયા (૪) મંગુબેન ધીરૂભાઈ તાવીયા (૫) વિપુલ ગોરધનભાઈ ડાભીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો.





આ કામમાં રાજકોટના પખર ધારાશાસ્ત્રી ભગીરથસિંહ ડોડીયા, ખોડુભા સાકરીયા, મીલન જોષી, જયવિર બારૈયા, દિપ પી. વ્યાસ, રવિરાજસિંહ જાડેજા, જયપાલસિંહ સોલંકી, સાગરસિંહ પરમાર, એડવોકેટ તરીકે રોકાયેલ હતા.

# મોરબી : પોરબંદર કોર્ટ દ્વારા ધરપકડ વોરંટમાં ૨૪ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી લેવાયો

## મોરબી સીટી બી ડિવિઝન પોલીસે આરોપીને હસ્તગત કરી પોરબંદરના બગવદર પોલીસ મથકમાં સોંપ્યો.

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબી : પોરબંદરના બગવદર પોલીસ સ્ટેશનના ૨૦૦૧માં નોંધાયેલ છેતરપિંડી/વિશ્વાસઘાત કેસમાં ૨૪ વર્ષથી નાસતો ફરતો ફરાર આરોપી કે જેની વિરુદ્ધ પોરબંદર જયુડિશિયલ મેજિસ્ટ્રેટ દ્વારા સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબ વોરંટ જાહેર કરાયું હતું. તે આરોપીને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે.

મોરબી જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા તા.૦૯/૦૧ થી તા.૧૬/૦૧ સુધી નાશતા ફરતા આરોપીઓને પકડવાની ડ્રાઈવ રાખી હોય જે અનુસંધાને પોરબંદર જીલ્લાના બગવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ આઇ.પી.સી. કલમ ૪૬૫,૪૭૦,૪૭૧,૪૭૭(એ), ૪૨૦,૪૧૧ મુજબના આરોપીનું પોરબંદરના બીજા જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ એચ.પી.ચાવડાસાહેબની કોર્ટ દ્વારા



આરોપી રણમલભાઇ ચનાભાઇ રાણાવાયા ઉવ.૫૭ રહે.હાલ મેલડીમાતાના મંદિરે સિલ્વર પાર્ક સોસાયટી જુના ઘુટુ રોડ મોરબી-૨ મૂળરહે.ગામ નાગકા તા.જી.પોરબંદરવાળાનું સી.આર.પી.સી. કલમ ૭૦ મુજબનું વોરંટ જાહેર કરેલ હોય જે આધારે મોરબી સીટી પોલીસ મથક ટીમ દ્વારા આરોપીને શોધી લઈ અટક કરવામાં આવી હતી. ત્યારે આરોપીને હસ્તગત કરી આગળની તપાસ તજવીજ કરવા પોરબંદર જીલ્લાના બગવદર પોલીસ સ્ટેશને સોંપી આપેલ છે

# એરપોર્ટના બગીચા પાસે દેશી દારૂ ભરેલી રિક્ષા સાથે ખંભાળાનો શખ્સ ઝડપાયો

## દેશી દારૂનો થેલો અને રીક્ષા મળી ૮૦ હજારનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમા દેશી અને વિદેશી દારૂની હેરાફેરીઓ પર પોલીસ દ્વારા વોચ ગોઠવવામા આવી છે. ડીસીપી ઝોન ૨ ની એલસીબીની ટીમ દ્વારા પેટ્રોલીંગ દરમ્યાન જુના એરપોર્ટના બગીચા પાસે રીક્ષામા દારૂ લઈને જઈ રહેલા પડધરીના ખંભાળાના શખ્સે ૫૦ લીટર દેશી દારૂ અને રીક્ષા સહીત ૮૦ હજારના મુદામાલ સાથે ઝડપી લેવામા આવ્યો હતો. વધુ વિગતો મુજબ એલસીબી ઝોન ૨ ના પીએસઆઈ આર. એચ. ઝાલા, હેડ કોન્સ્ટેબલ રાહુલભાઈ ગોહેલ,
શકિતસિંહ ગોહેલ, કુલદિપસિંહ રાણા અને હેમેન્દ્રભાઈ વાઢીયા સહીતનો સ્ટાફ પેટ્રોલીંગમા હતો ત્યારે બાતમીના આધારે જુના એરપોર્ટના બગીચા



પાસેથી પડધરીના ખંભાળામાં રહેતો નરેશ પોપટ પરમાર (ઉ.વ. ૩૭) ને અટકાવી રીક્ષાની તલાસી લેતા રીક્ષામો પાછળની સીટ પર રહેલા બે થેલા ચકાસતા તેમાથી ૫૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો અને પોતે રાજકોટના કોઈ શખ્સ પાસેથી લઈને જતો હોવાનું પોલીસ સમક્ષ રટણ કર્યુ હતુ. આ મામલે પોલીસે ૮૦ હજારનો મુદામાલ જપ્ત કરી તપાસ જારી રાખી છે.

# રાજકોટ સહિત રાજયના ૧૫ ગ્રાઉન્ડમાં પોલીસ ભરતીની શારીરિક પરીક્ષા શરૂ

## ૩૧ જાન્યુઆરી સુધી શારીરિક કસોટી ચાલશેઃ ૧૨૪૭૨ જગ્યા માટે અધધધ ૧૬ લાખ ઉમેદવારો

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગુજરાતના પોલીસ વિભાગમાં ૧૨૪૭૨ જગ્યા માટે ૧૬ લાખ ઉમેદવારોએ કરેલી અરજી બાદ આજથી રાજકોટ સહીત ગુજરાતનાં ૧૫ ગ્રાઉન્ડ ખાતે શારીરીક કસોટીનો પ્રારંભ થયો છે. આ શારીરીક કસોટી ૩૧ જાન્યુઆરી સુધી યોજાશે. પોલીસ વિભાગમાં પીએસઆઈ, લોક રક્ષક, બિન હથિયારી અને હથીયારી પોલીસ કોન્સ્ટેબલ અને જેમાં સિપાહીની શારીરિક કસોટી આજથી શરૂ થઈ છે. પોલીસ વિભાગમાં ૧૨૪૭૪ જગ્યાની ભરતી માટે એપ્રીલમાં અરજી મંગાવાઈ હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડે આપેલી માહિતી પ્રમાણે પુરૂષ ઉમેદવારો માટે અમદાવાદ, ભરૂચ, જામનગર, કામરેજ, ખેડા-નડિયાદ, જૂનાગઢ, ગોધરા, મહેસાણા, ગોંડલ અને હિંમતનગરમાં જ્યારે મહિલા ઉમેદવારો માટે વડોદરા, રાજકોટ, અમદાવાદ અનેગાંધીનગરમાં શારીરિક કસોટી લેવાશે. આ સિવાય માજી સૈનિકોની શારીરિક કસોટી રાજકોટમાં ૨૮ અને ૨૯ જાન્યુઆરીએ લેવાશે. રાજ્યના પોલીસ વિભાગમાં ૧૨,૪૭૨ જગ્યા પર ભરતી કરવા માટે આજથી રાજ્યના ૧૫ પરીક્ષા કેન્દ્રો (ગ્રાઉન્ડ) પર ૧૦ લાખથી વધુ ઉમેદવારોની પ્રેકટિકલ પરીક્ષાનો પ્રારંભ થયો છે. મહિલાઓ અને પુરુષો માટેની શારીરિક કસોટી માટે અલગ અલગ ગ્રાઉન્ડ નક્કી કરવમાં આવ્યા છે.જેમાં મહિલાઓ માટે રાજકોટ, અમદાવાદ, વડોદરા, ગાંધીનગરમાં કસોટી લેવાશે રાજ્યમાં પુરુષ ઉમેદવારો માટે અમદાવાદ, કામરેજ, ભરૂચ, જામનગર, જૂનાગઢ, ખેડા-નડિયાદ, મહેસાણા, ગોધરા, ગોંડલ અને હિંમતનગર ખાતે શારીરિક કસોટી લેવાશે, જ્યારે માજી સૈનિકોની મહિનાના અંતમાં ૨૮ અને ૨૯મી જાન્યુઆરીએ રાજકોટ ખાતે કસોટી લેવાશે. આજથી શરૂ થયેલી પરીક્ષા આપવા માટે ઉમેદવારો વહેલી સવારે કડકડતી ઠંડીમાં જ પરીક્ષા કેન્દ્રો ઉપર પહોચ્યા હતા. શારીરિક કસોટી આપનાર ઉમેદવારો અને તેના પરિવારમાં ક્યાય ખુશી અને ક્યાંક નિરાશાના દ્રશ્યો જોવા મળ્યા હતા. શારીરિક કસોટી માટે ઉમેદવારોએ કડકડતી ઠંડીમાં દોડ લગાવી હતી પાસ થનાર ઉમેદવારોના પરિવાર માં ખુશી જોવા મળી હતી જયારે નક્કી કરેલા સમયમાં દડ પૂરી નહી કરનાર ઉમેદવારો અને તેના પરિવારમાં નિરાશા જોવા મળી હતી.

# મોરબી હાઈવે પર કારમાં આવેલ શખ્સો દ્વારા છરીની અણીએ ટ્રકની ટાંકીમાંથી ડીઝલની લૂંટ

## ટ્રક ડ્રાઈવરોને છરી બતાવી પાઈપ વડે ચાર ટ્રકમાંથી ૭૫૦ લીટર ડીઝલની લૂંટ ચલાવી

**મુખ્ય સમાચાર મોરબી**

મોરબીના વાકાનેર નેશનલ હાઈવે ઉપર લાલપર ગામ નજીક શ્રી હરિ ચેમ્બર નજીક પાર્ક કરેલ ટ્રકના ડ્રાઈવરોને સફેદ કલરની સ્કોર્પિયો કારમાં આવેલ ત્રણ શખ્સો દ્વારા છરી બતાવી ટ્રકની ટાંકીમાં પાઈપ નાખીને અલગ અલગ ચાર ટ્રકોમાંથી ૭૫૦ લીટર ડીઝલની લૂંટ કરી ત્રણેય ઈસમો નાસી ગયા હતા. હાલ ટ્રાન્સપોર્ટર ટ્રક માલીક દ્વારા તાલુકા પોલીસ મથકમાં ડીઝલ લૂંટ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે.



પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ રાજકોટના કોટડાસંગાણી ગામના વતની હાલ રાજકોટ સહકાર સોસાયટી શેરી નં.૫ માં રહેતા ટ્રાન્સપોર્ટના ધંધાર્થી સંજયભાઈ ગોવિંદભાઈ ચાવડા ઉવ-૩૮ એ મોરબી તાલુકા પોલીસ મથકમાં સફેદ કલર સ્કોર્પિયો કાર રજી.નં. જીજે-૧૨-સીજી-૨૨૧૮ માં આવે અજાણ્યા ત્રણ શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ગઈ તા.૦૩/૦૧ના રોજ રાત્રીના ૩ વાગ્યાના અરસામાં મોરબી વાંકાનેર નેશનલ હાઈવે રોડ લાલપર ગામની સામે
શ્રી હરી ચેમ્બર્સ, પટેલ વિહાર હોટલની બાજુમાં ફરિયાદી સંજયભાઈ બે ટ્રકના ડ્રાઈવરો અને પ્રવીણભાઈ દલસાણીયાના ટ્રકના ડ્રાઈવરને તેમજ સોરીસો સીરામીક નજીક રોડ ઉપર પાર્ક કરેલ ટ્રક ટ્રેઈલરના ડ્રાઈવરોને એક સફેદ કલરની સ્કોર્પીઓ ગાડીમાં આવેલ ત્રણ અજાણ્યા ઈસમોએ છરી બતાવી ડરાવી ધમકાવી ગાડીઓની ટાંકીઓમાંથી પાઈપ વડે કેરબાઓમાં આશરે ૭૫૦ લીટર ડીઝલ કિ.રૂ. ૬૭,૫૦૦/- ભરી લૂંટ કરી સ્થળ ઉપરથી નાસી ગયા હતા. હાલ તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ત્રણ ઈસમો તથા તપાસમાં ખુલે તેની વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં ઉત્તરાયણ પૂર્વે જુદા-જુદા ત્રણ સ્થળેથી ૬૯ ચાઈનીઝ ફીરકી સાથે ત્રણ ઝડપાયા

## પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા લોકો સામે પોલીસની લાલ આંખ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ઉતરાયણને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરોમાં પ્રતિબંધીત ચાઈનીઝ દોરીનુ વેચાણ થતુ હોવાની હકીકત જાણવા મળતા પોલીસ દ્વારા પતંગના વેપારીઓને ત્યાં દરોડા પાડવામા આવી રહ્યા છે અને ચાઈનીઝ દોરી સાથે પકડાતા વેપારીઓ સામે જાહેરનામા ભંગ હેઠળ કાર્યવાહી કરવામા આવી રહી છે. ત્યારે રાજકોટ શહેરમા ભગવતીપરા, કુબલીયાપરા અને લક્ષ્મીનગર પાસેથી ૩ શિખ્સોને ૬૯ ચાઈનીઝ ફીરકી સાથે ઝડપી લેવામાં આવ્યા હતા.

વધુ વિગતો મુજબ બી ડીવીઝન પોલીસ મથકના ક્રિપાલસિંહ જાડેજા સહીતનો સ્ટાફ ભગવતીપરા પુલની નીચે પેટ્રોલીંગ કરી રહ્યો હતો ત્યારે ત્યાંથી પસાર થયેલા રાજેશ ઉર્ફે રાજુ મનુ વાઘેલા (ભગવતીપરા શેરી નં ૯ દશામા માતાજીના મંદિર પાસે) ને અટકાવી તેના પાસે રહેલી વસ્તુ અંગે ચેક કરતા અલગ અલગ નાની મોટી રૂ. ૧૧૩૦૦ની ૪૯ ચાઈનીઝ દોરી મળી આવી હતી. ત્યારબાદ બીજા દરોડામા પીએસઆઈ એ. પી. રતન અને મહેશભાઈ સોલંકી સહીતના સ્ટાફે કુબલીયાપરા જવાના મેઈન રોડ પર સુરેશ ધર્મેશ ડોડીયા (રહે. સીતારામ નગર શેરી નં ૨ રાજમોતી મિલની પાછળ) વાળાને પકડી લઈ તેની પાસેથી રૂ. ૨ હજારની ૧૦ ફીરકી કબજે કરી હતી. સુરેશ ધૂળધોયાનુ કામ કરે છે અને હાલ મકર સંક્રાતી આવતી હોય જેથી પોતે ચાઈનીઝ દોરી વેચવા નીકળ્યો હતો અને પોલીસે તેને ઝડપી લીધો હતો.

જયારે ત્રીજી ઘટનામા લક્ષ્મીનગર મેઈન રોડ શેરી નં ૪, કુળદેવી કૃપા મકાન પાસે રાજેશ સામત ગુજરાતી પોતાના ઘર પાસે ચાઈનીઝ દોરીનુ વેચાણ કરતો હોય તેમને પકડી લઈ તેમની પાસેથી ૩૦૦૦ રૂપિયાની ૧૦ ચાઈનીઝ ફિરકી કબ્જે કરી હતી.

# રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર સમીર શાહ અને શ્યામ શાહને ચેક રિટર્ન કેસમાં દોઢ-દોઢ વર્ષની કેદ

## કેશ ક્રેડિટ ઉપર બેંકમાંથી લીધેલી લોનની ચુકવણી માટે આપેલો ૬૫ લાખનો ચેક પરત ફરતા ગુનો નોંધાયો'તો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટમાં કેશ ક્રેડિટ ઉપર બેંકમાંથી લીધેલી લોન પેટે રૂ. ૬૫ લાખનો ચેક રિટર્નના કેસમાં અદાલતે રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદાર સમીર શાહ અને શ્યામ શાહને દોઢ - દોઢ વર્ષની સજા અને ચેકની રકમ વળતર પેટે ન ચૂકવે તો વધુ છ - છ માસની કેદનો હુકમ કર્યો છે. આ કેસની હકીકત એવી છે કે રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢીના ભાગીદારો સમીર મધુકાંતભાઈ શાહ તથા શ્યામ મધુકાંતભાઈ શાહને તેમની ભાગીદારી પેઢીના વિકાસ માટે નાણાકીય સવલતોની જરૂરિયાત હોવાથી કન્સોર્ટિયમ ફાઈનાન્સ અંડર લીડ બેંક, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા કે જેમાં બેંક ઓફ ઈન્ડીયા, પરાબજાર શાખા, રાજકોટનો સમાવેશ થાય છે તે સહિતની બેંક ઓફ ઇન્ડિયામાંથી સી.સી. વ્યવહાર હેઠળ રૂા. ૨૧-૨૫ કરોડની સી.સી. મંજૂર કરવામાં આવી હતી. જેમાં રાજમોતી ઈન્ડસ્ટ્રીઝનું લોન ખાતું એન.પી.એ. થતાં બેંક ઓફ ઈન્ડિયાએ રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારો પાસે બેંકની લેણી રકમ તેમજ ઓવરડયુ રકમની માંગણી કરતાં સમીર મધુકાંતભાઈ શાહ અને શ્યામ મધુકાંતભાઈ શાહે બેંક ઓફ ઇન્ડિયાને રૂા. ૬૫ લાખનો ચેક આપ્યો હતો. સદરહુ ચેક બેંક ઓફ ઇન્ડિયાએ શ્રી રાજમોતી ઈન્ડસ્ટ્રીઝના લોન ખાતામાં રજૂ કરતાં વગર વસુલાતે પરત ફરતાં બેંક ઓફ ઈન્ડીયાએ રાજકોટ ચીફ જયુ. મેજિસ્ટ્રેટની કોર્ટમાં એન.આઈ. એકટની કલમ-૧૩૮ હેઠળ કેસ દાખલ કર્યો હતો. આ કેસમાં ફરિયાદી બેંક ઓફ ઈન્ડીયા તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓ તેમજ દલીલો ધ્યાને લઈ રાજમોતી ઈન્ડસ્ટ્રીઝ ભાગીદારી પેઢીના ભાગીદારો સમીર મધુકાંતભાઈ શાહ તથા શ્યામ મધુકાંતભાઈ શાહને એન.આઈ. એકટની કલમ-૧૩૮ ના ગુન્હા હેઠળ તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપીને એક - એક વર્ષ અને ૬ માસ એટલે કે ૧૮ માસની સાદી કેદની સજા તેમજ ચેક મુજબની રકમ વળતર રૂપે એક માસમાં આરોપીઓએ ફરિયાદી બેંક ને ચુકવી આપવી, જે વળતરની રકમ એક માસમાં આરોપી ચુકવવામાં કસુર કરે તો વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કર્યો છે. આ કેસમાં બેંક વતી વકીલ તરીકે તરુણ એસ. કોઠારી, રાજ ટી. કોઠારી તેમજ અજય જે. વસોયા રોકાયા હતાં.

# રાજકોટમાંથી બાઇકની ઉઠાંતરી કરનાર મીઠાપુરનો રીઢો તસ્કર ઝડપાયો

## સૌરાષ્ટ્રભરમાં દારૂ સહિત ૪૪ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો છે



**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં થતી વાહન ચોરી ઘરફોડ ચોરી અને ચીલ ઝડપ સહિતના ગુનાઓના ભેદ ઉકેલવા માટે રાજકોટ શહેરની પોલીસને અલગ- અલગ વિસ્તારોમાં અને બજારોમાં પેટ્રોલિંગ કરવા પોલીસ કમિશનર દ્વારા સૂચના આપવામા આવી છે.જે મામલે ક્રાઈમ બ્રાન્ચના સ્ટાફે એક રીઢા વાહન ચોરને ઝડપી લીધો છે.

આ તસ્કર વિરૂદ્ધ અગાઉ વાહન ચોરી અને દારૂ સહિત ૪૪ ગુના પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે. ઓરોપીને પકડી પોલીસએ ગાંધીગ્રામ વિસ્તારમાંથી થયેલી વાહન ચોરીનો ભેદ ઉકેલી લીધો છે.વધુ વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. એમ.આર. ગોંડલીયા, મનોજ ડામોર અને સી.એચ.જાદવ સહિતનાની બાતમીના આધારે પી.એસ.આઈ પરમાર, એ.એસ.આઈ હરદેવસિંહ જાડેજા, ગોપાલ ભાઇ પાટીલ અને અર્જુનભાઈ ડવ સહિતના સ્ટાફે બાતમીના આધારે મીઠાપુરના બાબલા કર્વાટરમાં રહેતા ગોદળભાઈ સનાભાઈ લધાને ચોરાઉ બાઈક સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આરોપી અગાઉ વાહન ચોરી દારૂ સહિત ૪૪ગુનાઓમાં મીઠાપુર, જામખંભાળિયા, દ્વારકા, જામનગરમાં અગાઉ પકડાઈ ચૂકીયો છે.

# મોરબી રોડ પર શ્રી રેસીડેન્સીમાં વૃદ્ધ યે બીમારીથી કંટાળી કર્યો આપઘાત

## બિમારી સહન કરી શકતો નથી તેવી મૃતક પાસેથી મળી સ્યુસાઈડ નોટ

**મુખ્ય સમાચાર રાજકોટ.**

મોરબી રોડ પર સેટેલાઈટ ચોકમા શ્રી રેસીડન્સીમા રહેતા વૃધ્ધે બિમારીથી કંટાળી બિમારી સહન કરી શકતો નથી તેવી ચિઠ્ઠી લખી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમા ગમગીની છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ સેટેલાઈટ ચોકમા શ્રી રેસીડેન્સીમા રહેતા ધીરજભાઈ નાગજીભાઈ ઢોલરીયા (ઉ.વ. ૬૮) નામના વૃધ્ધે આજે વહેલી સવારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ લેતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયા હતા. પરંતુ અહીં તેમનુ મોત નીપજયુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી બી ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.



પ્રાથમિક તપાસમા મૃતક પાસેથી તેમણે આપઘાત પહેલા લખેલી ચિઠ્ઠી મળી આવી હતી. જેમા તેમણે કોઈનો વાંક નથી, અલ્સરની બિમારી સહન કરી શક્તો નથી એટલે પગલુ ભરૂ છુ' તેવુ લખ્યુ હતુ. મૃતકને સંતાનમા બે પુત્ર હોવાનું જાણવા મળ્યુ છે. આ બનાવથી પરિવારજનોમા શોકની લાગણી છવાઈ જવા પામી છે

# પેટ્રોલ પંપના સંચાલકને છરીની અણીએ લૂંટવાના કેસમાં આરોપીને જામીન મુકત કરતી અદાલત

## રોકડ, મોબાઈલ અને સ્કુટરની લૂંટ ચલાવ્યાની બાઈક સવાર ત્રિપુટી વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ તી ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદના

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલ રોડ પર આવેલ ઓમ પેટ્રોલ પંપના સંચાલકને છરી બતાવી રોકડ, મોબાઈલ અને સ્કુટરની લૂંટ ચલાવવાના કેસમાં સંડોવાયેલા એક આરોપીને જામીન મુક્ત કરવા કોર્ટે હુકમ કર્યો છે. રાજકોટ ગોંડલ હાઈવે પર આવેલ ઓમ પેટ્રોલ પંપ ચલાવતા વેપારી હર્ષદભાઈ હરીભાઈ કાલરીયા તા.૦૭/૧૨/૨૦૨૪ના રાત્રીના આઠેક વગાયના અરસામાં પેટ્રોલ ડિઝલના વેચાણનો હિસાબ કરી રૂ.૧.૦૫ લાખ લઈ જતા હતા ત્યારે શ્રીજી હાઈટ્સ બિલ્ડીંગ પાસે પહોંચતા બાઈકમાં ધસી આવેલા ત્રણ શખ્સોએ વેપારીના સ્કુટરની આંતરી છરીની અણીએ રૂ.૫૦ હજારની કિંમતનું સ્કૂટર અને સ્કૂટરની ડેકીમાં રાખેલ રોકડ રકમ રૂ.૧.૦૫ લાખ અને મોબાઈલ મળીને કુલ રૂ.૧.૬૦ લાખની લુટ કરી નાસી છૂટ્યા હતા. આ અંગે શાપર પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા શખ્સો વિરૂદ્ધ આધારે પોલીસે આરોપી રાહીલ હમીરભાઈ નારેજ, શાહરુખ અકબરઅલી અંસારી, અરમાન યુસુફભાઈ સમા



અને શબ્બીર રજાકભાઈ જેસાણીની ધરપકડ કરી ગોંડલ જેલ હવાલે કર્યા હતા. આરોપી શાહરુખ અંસારીએ પોતાના વકીલ મારફત ગોંડલ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ ગોંડલ સેશન્સ કોર્ટે આરોપી શાહરુખ અંસારીને જામીન મુકત કરવા હુકમ ફરમાવ્યો હતો. આ કેસમાં આરોપી વતી રાજકોટના યુવા એડવોકેટ રવિરાજસિંહ વિજયસિંહ રાઠોડ, ગોંડલના એડવોકેટ વિનોદ લુણસરીયા અને બી.સી. વાળા રોકાયા હતા

# મેટોડામાં ઝાડ સાથે બાઈક અથડાતા ચાલકનું મોત : સગીરને ઈજા

## બાઈક લઈને દૂધ લેવા જતા બંને કૌટુંબિક ભાઈને નડ્યો જીવલેણ અકસ્માતઃ શ્રમિક પરિવાર શોકમાં ગરકાવ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા લોધીકાના મેટોડામા બાઈક ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો જેમા બે શ્રમીક યુવકોને ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલા એક યુવકને સારવાર માટે રાજકોટ ખસેડવામા આવ્યો હતો. જયા યુવકની સારવાર કારગત નિવડે તે પુર્વે જ યુવાને હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા શ્રમીક પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગે વિગત મુજબ લોધીકાના મેટોડામા રહેતા અને મજુરી કામ કરતા શ્રીપાલ ખીમચંદ્ર કોડીવાર નામનો ૧૮ વર્ષનો શ્રમીક યુવાન પોતાના કૌટુંબીક ભાઈ પંકજને બાઈક પાછળ બેસાડી મેટોડામા જઈ રહ્યા હતા ત્યારે બાઈક અચાનક ઝાડ સાથે ધડાકા ભેર ભટકાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા શ્રીપાલ કોડીવારને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો. જયારે કૌટુંબિક ભાઈ પંકજને સામાન્ય ઈજા પહોંચી હતી. ગંભીર રીતે ઘવાયેલા શ્રીપાલ કોડીવારની સારવાર કારગત નીવડે તે પુર્વે જ હોસ્પિટલના બિછાને દમ તોડી દેતા શ્રમીક પરીવારમા અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે મેટોડા પોલીસને જાણ કરતા મેટોડા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી યુવકને મૃતદેહને પીએમ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક પુછપરછમા મૃતક શ્રીપાલ કોડીવાર મુળ રાજસ્થાનનો વતની હતો. મૃતક યુવાન બે ભાઈ અને બે બહેનમા નાનો હતો. મૃતક શ્રીપાલ કોડીવાર પોતાના કૌટુંબિક સગીર ભાઈ પંકજને બાઈક પાછળ બેસાડી દુધ લેવા જતો હતો ત્યારે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક લીમડાના ઝાડ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યુ છે. આ અકસ્માતની ઘટના અંગે મેટોડા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે